# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**


છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| કસ્તુરબાનું પુણ્યસ્મરણ | સંકલન : નીલમ પરીખ | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| પૂ.યોગેશ્વરજીના થોડા સંસ્મરણો | જયંત પાઠક | ૧૩ |
| પશ્ચાદ્ દર્શન | અનામી | ૧૭ |
| ગુરુકૃપાની અનુભૂતિઓ(૧) | ચંદ્રકાન્ત પટેલ | ૨૨ |
| બાપુનું વીલ | નીલમબેન પરીખ—નવસારી | ૨૮ |
| પ્રેરણાસ્પદ વાંચન | ડૉ. હિમાશું પાઠક | ૩૨ |
| મહાત્મા યોગેશ્વરજી—ગુજરાતનું ગૌરવ | પરમાર્થી | ૩૭ |
| જ્યોતિષીની ડાયરીમાંથી | ડો. ચંદ્રશેખર ઠક્કુર | ૪૪ |
| પૂ.મા સંગાથેની સૌરાષ્ટ્ર યાત્રાની નોંધ | મયૂરી ટેલર | ૪૯ |
| પ્રેરક પ્રસંગો—મહાત્મા શ્રી રણછોડદાસજીના | દમયંતી સેજપાલ, સંક્ષેપ : પરમાર્થી | ૫૩ |
| આધ્યાત્મિક ધ્યેયની કેટલી પૂર્તિ થઇ તે તો વાચકો નક્કી કરે | તંત્રી | ૫૯ |
| નિવૃત્તિકાળને આનંદમય બનાવવાનાં સૂત્રો | જ્યોતિબ્હેન થાનકી | ૬૧ |

# સદ્ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ — શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઈ લાડ — શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# કસ્તૂરબાનું પુણ્યસ્મરણ

**સંકલન : નીલમ પરીખ**

**આ** યુગનાં સતી–શિરોમણિ, વહાલસોયાં માતા અને દેશને ખાતર અનેક કષ્ટો સહન કરનાર ને છેવટે જેલમાં જ દેહ છોડનાર વીરાંગના તરીકે ગાંધીજીની જોડે કસ્તુરબાનું પુણ્યસ્મરણ સદાકાળ કાયમ રહેશે. તા.૨૨–૦૨–૧૯૪૪ ને શિવરાત્રિએ પૂ.બાએ પૂનાના આગાખાન મહેલમાં કારાવાસમાં ૭૫ વરસની વયે દેહ છોડેલો.

ગાંધીજીએ આત્મકથામાં બાને 'કશો બદલો ઈચ્છ્યા વિના ચાકરી કરનારી સેવિકા' કહ્યાં છે. આ જીવનભર બાપુજીની છાયાની પેઠે તેમની જોડે જોડે ચાલ્યાં. બાપુજીએ લેખલું છે, મને–કમને, જ્ઞાનથી અજ્ઞાનથી, મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે. અમારી બુદ્ધિશક્તિમાં ઘણું અંતર છે, છતાં અમારું જીવન સંતોષી, સુખી અને ઊર્ધ્વગામી છે, એમ મને લાગ્યું છે.

બા પ્રત્યે બાપુની ગજબની કોમળતા હતી. બાની નાનીનાની નિર્દોષ છૂટોનો તેઓ કદી વિરોધ ન કરતા. અબળા ગણાતી એ મહિલાએ પોતાના શરીરને તપ અને પરિશ્રમથી કેટલું તાવ્યું હતું એની બાપુને ખબર હતી, તેથી બાનું કામ તેઓ ખાસ યાદ રાખીને કરતા કે કરાવતા. બાએ પોતાના જીવનમાં કેટલા બધા ફેરફારો કર્યા! તેમણે હંમેશાં ફરજનો જ વિચાર કર્યો. હક જેવી વસ્તુ તેમણે કદી પણ જાણી નહોતી.

માંસ ખાઇને જીવવાની ના પાડનાર અને બાપુના સંયમની આડે કદી ન આવનાર તેઓ હતાં. ૧૯૦૮માં બાપુ દક્ષિણ આફ્રિકાની પ્રિટોરિયા જેલમાં હતા ત્યારે બા ગંભીર માંદગીમાં સપડાયેલાં. ત્યારે બાપુએ બાને એક પત્ર લખ્યો :

વહાલી કસ્તુર,

તારી તબિયતનો તાર મિ. વેસ્ટે આજે મોકલ્યો છે. મારું હૈયું કોતરાય છે. હું અહીં રહું છું, પણ તારી ચાકરી કરવા આવું તેવી સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યું છે. મારાથી તો અવાય જ નહીં, દંડ તો ન જ અપાય. તું જરા હિંમત રાખે, રીતસર ખાય તો સારું થઇ રહેશે. છતાં મારે નસીબેથી તું જશે જ એમ હશે તો હું તને એટલું જ લખું છું કે તું વિયોગમાં પણ મારી હયાતીમાં જ ચાલી જાય તેમાં ખોટું નથી. મારું હેત તારી પર એટલું છે કે તું મરશે છતાં મારે મન જીવશે. તારો આત્મા અમર છે. તું ઈશ્વર પર આસ્થા રાખી પ્રાણ તજજે. તું મરીશ તો તે પણ તારો સત્યાગ્રહને ભોગ છે. મારી લડત તે માત્ર રાજદ્વારી નથી, તે લડત ધાર્મિક છે એટલે અતિચોખ્ખી છે. તેમાં મરવું તોય શું, જીવવું તોય શું? તું પણ એમ જ માની જરાય ઓછું નહીં લાવે એવી મારી ઉમેદ છે, એવું તારી પાસેથી હું માગી લઉં છું.

—મોહનદાસ

જેમ જેમ વરસો વીતતાં ગયાં તેમ તેમ બા બાપુજીને વિશેષ જ્ઞાનપૂર્વક અનુસારતાં થયાં. 'નવજીવન' અને 'હરિજન બંધુ'માં બાપુજીના લેખો આવતા તે વાંચવાનું બા કદી ચૂકતાં નહીં. સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓને જેલ જવાનો દાખલો બાએ જ ૧૯૧૩માં બેસાડ્યો. ૧૯૧૩માં બાપુજીએ બાને કહેલું, 'તું



જેલમાં મરી જઇશ તો જગદંબાની જેમ હું તને પૂજીશ.' તેઓ ખરેખર જગદંબા તરીકે પૂજાયાં. પતિના સાંનિધ્યમાં અને પાછાં કારાવાસમાં સ્વતંત્રતાના સૈનિક તરીકે મરવાનું ભાગ્ય બીજી કઇ સ્ત્રીને મળ્યું છે?

છેલ્લી વારના આગાખાન મહેલની જેલમાં કંઇક અકસ્માતથી તેમની ચૂડી નંદવાઇ, તેથી બા ખૂબ વ્યાકુળ થઇ ગયાં. સવારની પ્રાર્થના પછી બાપુજીના ચરણસ્પર્શ કરી પગે લાગીને કહે, 'મને અખંડ સૌભાગ્યના આશીર્વાદ આપો.' સત્યવાદી બાપુના આશીર્વાદ બાને ફળ્યા. પતિને ખભે માથું ટેકવીને દેહ છોડવાનો લહાવો બાએ લીધો!

બાપુજીથી ડરનારા ઘણા સાથીઓને બાની હિંમત જોઇ નવાઈ લાગતી. બા તો વખત આવ્યે બાપુજીને મનની વાત કહી દેતાં. એકવાર સાબરમતી આશ્રમમાં બાળકોના નાસ્તા વિશે બાપુજીએ ટકોર કરી ને તેમને ફળ આપવાનું કહ્યું. બા કહે, 'હમણાં' છોકરાઓનાં શરીર વધવાનો સમય છે ને તમે ફળની વાત કરો છો? નાનપણમાં તમને ગાંઠિયા ને એવું બધું નહોતું ભાવતું કે? તમે આ તાર/ ટપાલના આટલા બધા પૈસા અંગ્રેજના ભંડારમાં ભરો છો તેના કરતાં આ નાસ્તાનું ખરચ ઓછું જ થાય છે.

બીજી એકવાર વિનોદ કરતાં બા કહે, 'દક્ષિણ આફ્રિકામાં દર રવિવારે મારી પાસે પૂરણપોળી બનાવડાવી સાત—આઠ ઝાપટી જનાર તમે જ કે બીજા કોઇ? આજે હવે સાધુ બન્યા. છોકરાઓને કોઇ દિવસ સારું કરી આપું તેમાં પણ બિચારાઓને સાંભળવાનું?' આની પાછળ સદ્ભાવ હોવાથી આવા પ્રસંગો ગંભીર છતાં વિનોદ જેવા બની રહેતા. ૧૯૨૯માં બાપુ

આત્મકથા લખતા હતા તેમાં 'ધણીપણું' નામનું પ્રકરણ વાંચીને બા બાપુને કહે, 'એકવાર તમે મને ફૂટપટ્ટી મારેલી તે તો આમાં લખ્યું નથી!' બા આવા વિનોદ પણ કરી શકતાં!

બા પોતે ભણ્યાં નહીં એનો વસવસો ઘણો હતો, તેથી અનેક બહેનોની મદદ લઇ બા ભણવાનો પ્રયત્ન કરતાં. એકવાર આશ્રમની એક બહેનને કહે, 'જો હું સારી પેઠે ભણી હોત તો તમે બધાં કરો છો એવી લખવા કરવાની મદદ હુંય બાપુને કરી શકત ને!' આ વાત જ્યારે બાપુએ જાણી ત્યારે રમૂજમાં કહે, 'તારે આ બધા જોડે હરીફાઇ કરવી છે કે શું?'

બાપુએ ૧૯૨૧માં લખેલું...'મારી સ્ત્રી મારા અંતરને જે રીતે હલાવે છે તે રીતે દુનિયાની બીજી કોઇ સ્ત્રી હલાવી શકે એમ નથી.' ૧૯૨૯માં હિમાલયમાં આવેલા કૌસાનીમાં બાપુજી ખુલ્લામાં સૂઈ રહેતા. એક રાત્રે વાઘનું બચ્ચું આવી ગયાની ખબર પડ્યા પછી બાએ પોતાનો ખાટલો ઘર બહાર કાઢી ખુલ્લામાં નંખાવ્યો. સેવાગ્રામમાં ખૂબ સાપ હતા. ત્યાં બા પણ બાપુની પેઠે ખુલ્લામાં ભોંય પર જ પથારી કરીને સૂઇ જતાં. બાપુજી ઉપવાસ કરે એટલા દિવસ બા પણ ઉપવાસ કરતાં. વધારામાં બાપુજીની સેવા પર કરતાં! બાપુજીનું તપ તો જગતે જોયું–જાણ્યું, પણ બાનું છૂપું અજ્ઞાત તપ એમના અંતરંગ સાથીઓ સિવાય કોઇનેય ખ્યાલમાં નહોતું.

બાના સ્વર્ગવાસ પછી એક વિદેશી મિત્રના દિલાસાના જવાબમાં બાપુએ લખ્યું, 'બાનો દેહ ભસ્મીભૂત થઇ ગયો છે, પણ બા તો મારી જોડે છે.' પુત્રવધૂ સુશીલા ગાંધીએ બાપુને પૂછ્યું, 'બાપુ, આપ એકલવાયા લાગો છો.' જવાબમાં બાપુ કહે, 'મારા જીવનમાં બા તાણાવાણા પેઠે ભળી ગઇ હતી. તે



જતાં હું ખાલી થઇ ગયો છું.' બીજે પ્રસંગે કહે, 'મેં માન્યો હતો તેના કરતાં બાનો વિયોગ વધારે વસમો લાગે છે.'

કસ્તુરીના જેવી પોતાના જીવનની સુગંધ બા સદાને માટે અહીં મૂકી ગયાં છે. આવાં રાષ્ટ્રમાતાને આપણા શત્ શત્ વંદન!

### સત્સંગતિ પ્રશંસા

**चन्द्रनं शीतलं लोके चन्द्रनादपि चन्द्रमाः**
**चन्द्रचन्दनयोंमध्ये शीतला साधु संगति ।**

આ લોકમાં ચંદન શીતળ છે, ચંદન કરતાંય ચંદ્રમાં વિશેષ શીતળ છે અને તે ચંદ્ર તથા ચંદન કરતાંય સાધુ જનોની સંગતિ વિશેષ શીતળ છે.

**सङ्गः सर्वात्मना त्याज्यः स चेत्ययुक्तं न शकयते**
**स सम्दिः सह कर्तव्यः सन्तः संगस्य भेषजम् ।**

બધી રીતે સંગનો ત્યાગ કરવો જોઇએ; પરંતુ સંગનો ત્યાગ ન થઇ શકતો હોય તો સંતો સાથે સંગ કરવો કારણકે સંતોનો સમાગમ તે ઔષધ છે અર્થાત્ દોષ નિવારક છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૭ માર્ચ–૨૦૧૫ અંક ૬**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૩)
### તા.૨૦/૧૧/૮૨, શનિવાર, કારતક સુદ પાંચમ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

સવારે પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરી લે છે. પછી વ્યાયામ, મંત્રજપ ને લેખન શરૂ થાય છે. વચ્ચે દૂધ લેવાનું બને છે. મેં પણ સાડા ચાર વાગ્યે સ્નાન કરી વ્યાયામ, મંત્રજપ ને લેખન કર્યું.

ખીચડી, શાક ને દૂધ, દહીં, કચુંબરનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતના સમયે એક બહેન સાથે પ્રશ્નોત્તર થયા.

**પ્રશ્ન :**

૧. 'સોહમ્' ને 'શિવોહમ્' એ બન્ને મંત્રો વચ્ચે શો તફાવત છે?

૨. દરરોજ જે બાહ્યપૂજા પ્રભુની થાય છે તે કોઇકવાર રહી જાય તો? બહારગામ જઇએ ત્યારે બીજાને સોંપી જઇએ તો?



૩. અવ્યક્તની ઉપાસના કષ્ટદાયક છે?

૪. ડાબા કાનમાંથી અવાજ સંભળાય તે ખરાબ?

૫. બહેનો માટે સાધના કરવાનાં કોઇ સ્થળ છે?

પૂ.શ્રીએ બધા જ પ્રશ્નોના ઉત્તરો આપ્યા, જેથી તે બહેનને ખૂબ સંતોષ થઇ ગયો. ઉત્તરો ટૂંકમાં નીચે મુજબ હતા.

**ઉત્તર :**

૧. 'સોહમ્' ને 'શિવોહમ્' મંત્રના અર્થ તો એક જ છે. બેમાંથી કોઇ પણ જપ કરી શકાય. 'સોહમ્' એટલે હું તે છું. તે એટલે શિવસ્વરૂપ. વળી 'શિવોહમ્' એટલે હું શિવસ્વરૂપ છું.

૨. બાહ્યપૂજા કરતાં કરતાં પણ આગળ જવાનું છે. અંતે એ બધું મૂકીને અંતરના ઊંડાણમાં ડૂબકી મારવા ધ્યાન કરવાનું જરૂરી છે. બાહ્યપૂજાનો સમય ઓછો કરી વધારે ને વધારે ધ્યાનમાં બેસવું. કોઇકવાર કેમ રહી જાય! પેટપૂજા તો દરરોજ સમય કાઢીને પણ કરીએ જ છીએ, તો પ્રભુની પૂજા પણ થવી જ જોઇએને! કોઇક કારણસર ન થાય તો દોષ ન લાગે.

બહારગામ જઇએ ત્યારે આપણી પૂજા બીજા પાસે કરાવીએ, પણ તે આપણા જેવી ભાવભક્તિથી ન પણ કરે. એના કરતાં તે પૂજા તમે સાથે જ લઇ જાઓ. એ મૂર્તિ કે છબી સાથે જ લઇ જાઓ ને પૂજા કરી લો.

જુઓ. અમે વેદાંતમાં માનીએ છીએ, પણ અમે જેને પૂજ્ય માનેલાં તે અમારી સાથે જ છે (એમ કહી પૂ.શ્રી પોતાની લેખનની સામગ્રીમાંથી પૂજ્ય જ્યોતિર્મયી માતાની તસવીર બતાવે છે.) એ અમે જ્યાં જઇએ ત્યાં સાથે જ રાખીએ છીએ તો કંઇ ભાર લાગે છે? તેમ તમે પણ સાથે લઇ જાઓ.

૩. અવ્યક્તની ઉપાસના કષ્ટદાયક નથી. સહજ રીતે જ એ

ઉપાસના થાય છે. 'સોહમ્' કે 'ૐ' ના જાપમાં બીજા કોઇ વિચાર જ કરવા પડતા નથી, જ્યારે વ્યક્તની ઉપાસનામાં રૂપ રંગ, વેશભૂષા, બધી જ કલ્પના કરવી પડે છે.

બાળકને રમત ખૂબ ગમે પણ ભણવાનું કષ્ટપ્રદ લાગે, છતાં ભણવું જરૂરી છે. માટે ભણે છે. તેમ અવ્યક્ત કષ્ટપ્રદ લાગે છતાં તે ઉપાસના જરૂરી છે.

૪. સાધના કરતાં કરતાં ડાબા કાનમાં શબ્દ સંભળાય. પછી જમણા કાનમાં પણ સંભળાય. પછી વળી બન્ને કાનમાંથી સંભળાય.

તમને હવે તે નાદ સંભળાતો નથી તો આ મુદ્રા કરો (એમ કહી પૂ.શ્રી ષણ્મુખી મુદ્રાની સમજ આપે છે).

૫. બહેનો માટે બહુ ઓછી સંસ્થાઓ છે, જ્યાં બહેનો સાધન ભજન માટે બેસી શકે. ઘરના જ એક ઓરડામાં સાધના ચાલુ રાખો.

આજની પ્રશ્નોત્તરી રસપ્રદ હતી. થોડા આરામ પછી ડરબનથી ૬૦ કિલોમીટર દૂર કીટોરી નામના ગામમાં જવાનું બન્યું. ત્યાં શ્રી હરેકૃષ્ણ ફાર્મ આવેલું છે.

સો એકર જમીન કોઇ યુરોપીયને આ સંસ્થાને ભેટ આપી છે ત્યાં એ સંસ્થા છે. એમાં મંદિર, ભોજનાલય, અનુયાયીઓને રહેવાના ઓરડા વગેરે જોવા મળે છે. ગોશાળામાં ૬૦ ગાયો છે, જેમનાં નામ શ્યામસુંદરી, દેવહૂતિ વગેરે રાખ્યાં છે. લોકો ગાય ખરીદીને શ્રી હરેકૃષ્ણ ફાર્મને ભેટ આપે છે. અહીં યુરોપીયન, અમેરિકન રહે છે. ભારતીય પહેરવેશ, માથે ચોટલી, કાલિદાસ જેવાં ભારતીય નામ, તેમનાં બાળકોનાં નામ ઉષાદેવી વગેરે છે.

હરેકૃષ્ણ ફાર્મ જોયા પછી થાઉઝન્ડ હીલ્સ નામનું સ્થાન



જોયું. હજારો ટેકરીઓ ત્યાં એકસાથે જોવા મળે છે. આ ડુંગરાળ પ્રદેશ લીલાં વૃક્ષોથી છવાયેલો છે. અહીં લોકો ફરવા આવે છે.

તે જોયા બાદ ઉતારા ઉપર આવી ગયાં. માર્ગમાં દક્ષિણ આફ્રિકા વિશે થોડી વાતો થઇ.

ભારતથી આ દેશ ૬,૦૦૦ કિલોમીટર દૂર આવેલો છે. અહીં બાર હજાર ગુજરાતીઓ વસે છે. આ દેશ ભારતના એક નાના રાજ્ય જેવડો જ છે. અહીંની ડચ પ્રજા આ દેશમાં જન્મેલી છે. ચાર પ્રાંતોમાં આ દેશ વહેંચાયેલો છે : (૧) નાતાલ, (૨) ટ્રાન્સવાલ, (૩) કેપટાઉન, (૪) ઓરેંજ ફ્રીસ્ટેટ. ત્રણ પ્રાંતોમાં ભારતીય ને ડચ પ્રજા રહી શકે. ઓરેન્જ ફ્રીસ્ટેટમાં યુરોપીયનો જ રહે. ત્યાં દેશની મુખ્ય કોર્ટ આવેલી છે. કોર્ટમા કેસ હોય ત્યારે કોઇ પણ પ્રજાને થોડા કલાકો માટે આવવાની પરવાનગી મળે. કોર્ટમાં જવા–આવવાનાં, ત્યાં હાજર થવાનાં સ્થાન અલગ અલગ હોય છે.

ડરબનમાં પણ ત્રણ વિભાગો છે જ્યાં યુરોપીયન, ભારતીય, ડચ પ્રજા વસે છે. એમનાં અલગ અલગ બજારો, બસસ્ટેન્ડ, સ્કૂલ, કૉલેજો હોય છે. હોસ્પિટલ પણ અલગ હોય છે. પરંતુ દર્દીની માંદગી પ્રસંગે યુરોપીયન ડૉકટરોની જરૂર પડે તો બોલાવી શકાય છે.

ગુજરાતી પ્રજા એમ માને છે કે વિભાગ પ્રમાણે રહેવાનું, શિક્ષણ લેવાનું બને છે તે સારું છે, કેમ કે તેથી આપણી સંસ્કૃતિ જળવાઇ રહે છે.

રાત્રે ૭ થી ૯ ધ્યાનની બેઠક થઇ. અંતે શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ, બાવની વ. ગાવાનું બન્યું.

પછી મમરા, દૂધ, ફળનો નાસ્તો લઇ આરામ કર્યો.

**(ક્રમશઃ)**

# પૂ.યોગેશ્વરજીના થોડાં સંસ્મરણો

—પ્રો. જયંત પાઠક

સાધુસંતો સાથે મારે સારી લેણાદેણી છે. ખાસ કરીને જે સંતો સાહિત્યાનુરાગી છે, ઉદાર ચિત્ત ને મતાંતરસહિષ્ણુ છે એમનો સંગ–સંબંધ મને કંઈક કંઈક સાંપડ્યો છે. પૂ. યોગેશ્વરજી આવા એક સંત હતા.

સૂરતમાં પૂ.યોગેશ્વરજી દર વર્ષે આવતા ને થોડા દિવસ ગાળતા. મોટે ભાગે બેસન્ટ હોલમાં કે સનાતન હોલમાં એમનાં પ્રવચનો થતાં. એ સાંજ મને બરાબર યાદ છે. મારા પરમ આશ્ચર્ય વચ્ચે મેં પૂ.યોગેશ્વરજીને એમનાં બા તથા બે ભક્તો સાથે મારા દરવાજામાં પ્રવેશતા જોયા. મેં એમને આવકાર્યા, બેસાડ્યા ને પછી કહ્યું : "આપે મારા ઘર સુધી આવવાની તકલીફ શા માટે લીધી? આપ મને આપની પાસે બોલાવી શક્યા હોત, હું આપના કહેણને મારું સદ્ભાગ્ય ગણત." યોગેશ્વરજી હસીને કહે, "જયંતભાઈ, તમને હું મારા નિવાસે બોલાવું તો તમારે ચાલીને કે વાહન કરીને આવવું પડે. હું તો રોજ સાંજે આ ભક્તોની ગાડીમાં ફરવા નીકળું છું. મને તમારે ત્યાં આવવામાં શી અડચણ હોય? તમે કવિ–લેખક છો તેની મને જાણ છે, એટલે થોડી સાહિત્યની, કવિતાની વાતો કરવા આવ્યો છું." મારો ક્ષોભ થોડો ઓછો થયો ને પછી તો સાહિત્ય ને સાહિત્યકારોની વાતો ચાલી. એમને ઘણાં લેખકોની ને પ્રકાશકોની પાકી ખબર નવાં પ્રકાશનો વિશે પણ જાણે. મારી કવિતાનો ને વનાંચલનો પણ એમને પરિચય.



પૂ.યોગેશ્વરજી સાથેનો મારો સંબંધ ખાસ તો સાહિત્યને લીધે. તેઓ સારા કવિ ને કથાલેખક. એમણે કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા છે ને નવલકથા પણ. હમણા મહર્ષિ અને મહાત્મા ગાંધી વિશે પણ એમને દળદાર ગ્રંથો કર્યા છે. કાવ્યમાં એમના છંદો સાફ શબ્દો બહુધા તત્સમ ને શૈલી પ્રશિષ્ટ, પ્રાસાદિક. એમના પ્રવચનની ઘણી જેવી પ્રવાહી, વેગીલી ને ચોટદાર તેવી જ એમની કવિતા–કથાની વાણી પણ. એકવાર તેઓનો વડોદરાથી પત્ર આવ્યો. મારે એમને મળવું એવો એમનો આગ્રહ હતો. હું આકાશવાણીનું મારું કામ પતાવી એમણે આપેલા કારેલી બાગના શ્રી ઉપેન્દ્રાચાર્યજીના નિવાસસ્થાનના સરનામે જવા નીકળ્યો; પહોંચ્યો ઉમળકાથી આવકાર્યા પછી એમણે પોતે જે કાવ્ય લખતા હતા તે એમણે વાંચવા માંડ્યું. કાવ્ય રુકમિણી વિશે હતું, એટલું બરાબર યાદ છે. કદાચ કોઈ દીર્ઘ કૃતિનો અંશ પણ હોય. વાંચી લીધા પછી એમણે હસ્તપ્રત મારા હાથમાં મૂકી. યોગેશ્વરજીના હસ્તાક્ષર એમના વ્યક્તિત્વ જેવા. સ્વચ્છ, સ્પષ્ટ, થોડા મોટા, ખાસ મરોડદાર નહીં પણ સીધા, સરલ, મોટા માણસોમાં જ મળે એવી નમ્રતા સાથે એમણે કહ્યું : "કેમ, કેવું લખાય છે? હજી તો આગળ લખવાનું છે." આગળની એમની યોજના પણ એમણે સમજાવી. મેં કહ્યું. આપતો ઘણું લખો છો એટલે સિદ્ધહસ્ત છો, "યોગેશ્વરજી સામાન્ય રીતે દીર્ઘ કાવ્ય રચનાઓ કરે, એકથી વધુ ખંડની નવકલકથાઓ રચે, ને દળદાર આત્મકથાત્મક ગ્રંથ લખે બધામાં એમનું એક ચોક્કસ આયોજન હોય, વ્યવસ્થા હોય, ચીવટ ને પરિશ્રમ હોય."

સહેજ સંકોચ થાય છે, પણ એક પ્રસંગ કહું. પૂ.યોગેશ્વરજીનાં પ્રવચનો સૂરતમાં બેસન્ટ હોલમાં ચાલે. એક

દિવસ એમણે મને બોલાવ્યો હું એમના નિવાસે પહોંચ્યો ત્યાંથી એમની સાથે બેસન્ટ હોલ ગયો. એમણે મને મંચ ઉપર એમની પાસે બેસવા કહ્યું, હું બેઠો. એમનું પ્રવચન ચાલતું હતું ત્યાં વચ્ચે જ એમણે તે અટકાવીને કહ્યું : ''આજે મારી બાજુમાં અમારા શહેરના ને ગુજરાતના એક પ્રતિષ્ઠિત કવિ બેઠા છે; આપણે એમનું સન્માન કરીએ છીએ.'' બોલીને એમણે મારા ગળામાં પુષ્પાહાર પહેરાવી દીધો, હું ગળગળો થઇ ગયો. બે અક્ષર આભારમાં બોલ્યો ને યોગેશ્વરજીને વંદન કરી બેસી ગયો. એ સન્માનના નિમિત્તનું સ્મરણ મને બરાબર નથી. કદાચ ત્યારે મને રણજિતરાય ચંદ્રક કે પછી દિલ્હીની સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હશે. નિમિત્ત મહત્ત્વનું નથી; મહત્ત્વની વાત તો એમની કવિતાપ્રીતિની, સરસ્વતી પૂજનની છે, વિદ્યા ને કલા પ્રતિની એમની ભક્તિની છે.

તે દિવસે પ્રવચનમાં મેં એમને થોડા અનૌપચારિક ને સ્પષ્ટવક્તા થતા પણ જોયા. પ્રવચન દરમિયાન તેમણે શ્રોતાભક્તોને જે કહ્યું તે મને બરાબર યાદ રહી ગયું છે. તેઓશ્રી કહે : ''હું પરદેશમાં જાઉં છું. ત્યારે ત્યાં મારાં પ્રવચનો સાંભળવા મોટેભાગે યુવાનો આવતા હોય છે. એમને ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ, યોગ આદિ વિશે જાણવાની ભારે ઉત્કંઠા હોય છે. તેઓ મારી પાસેથી નિષ્ઠાપૂર્વક યોગના પાઠ શીખે છે. સત્ય જાણવાની એ પશ્ચિમની પ્રજાની તાલાવેલી ને આગ્રહ મારા મનમા એમને માટે આદર જગાડે છે. અહીં હું જાઉં છું તો દર વરસે એના એ જ શ્રોતાઓ! કેટલાક ઘરડા ને કેટલાક આધેડ. યુવાનો તો ઓછા જ. ઘણા તો માત્ર સમય પસાર કરવા જ આવતા હશે.'' શ્રોતાઓને આ સાંભળી કદાચ આઘાત થયો



હશે, પણ મને તો પૂ.યોગેશ્વરજીમાં તે દિવસે સાચા ગુરુનાં દર્શન થયાં. આપણાં સાહિત્ય ને સંસ્કૃતિ પરત્વેની આપણી પ્રજાની ઉદાસીનતાને એમાં ઠપકો હતો ને એક સંવેદનશીલ ગુરુની વેદના પણ. મારા મન ઉપર આ પ્રસંગની એક અવિસ્મરણીય છાપ પડી છે.

પૂ.યોગેશ્વરજી એક યોગી હતા. હિમાલયમાં વસીને એમણે વર્ષો સુધી યોગસાધના કરેલી. તેઓ કોઈવાર કહેતા કે એમને એમના કર્ણપટમાં એક અનાહત નાદ સંભળાય છે. હું સાંભળી રહેતો. મારી શ્રદ્ધાને સંકોરવા મથતો. એક પ્રસંગનો અહીં ઉલ્લેખ કરું. પૂ.યોગેશ્વરજી કહેતા કે તેઓ મહાપુરુષોના આત્માને મળી શકે છે ને તેમની સાથે વાત પણ કરી શકે છે. એક દિવસ એમના એક ગ્રંથની (ઘણું કરીને ગાંધીજી વિશેના) વાત નીકળી. તેઓના મનમાં એ ગ્રંથની પ્રસ્તાવના માટે બે નામો હતાં. શ્રી મોરારજી દેસાઈ અને હું એટલે કે જયંત પાઠક. એક દિવસ મને કહે ''મને આજે ગાંધીજી (એટલે કે એમનો આત્મા) મળ્યાં મેં એમને પ્રસ્તાવના વિશે એમની પસંદગી જણાવવાનું કહ્યું. એમણે શ્રી મોરારજી દેસાઈની પ્રસ્તાવના લેવાનું કહ્યું.'' આવી બાબતમાં હું સંશયાત્મા, પણ પૂ.યોગેશ્વરજી ખોટું શા માટે બોલે? એમનો એમાં શું સ્વાર્થ? આ વિશ્વની રહસ્યસભરતાને કોણ જાણી શકે! મનની શક્યતાઓ પૂરી કોણ જાણે! એટલે કોઈ ટીકા–ટિપ્પણ વગર હું તો કહીશ કે 'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.' પૂ. યોગેશ્વરજીને પ્રણામ.

# પશ્ચાદ્ દર્શન

ડો. રણજીત પટેલ–અનામી

## ડૉ. રણજીત પટેલ

લગભગ સાડા ત્રણ દાયકા પૂર્વે વડોદરામાં, મારા કવિ–મિત્ર શ્રી મહેન્દ્રકુમાર દેસાઇ (કુમાર)ને ઘરે પ્રથમવાર યોગેશ્વરજીની છવિનું દર્શન થયું. ખાદીનાં વરસોથી આકર્ષાઇ સહજ પૂછ્યું? આ વિભૂતિનું નામ? એમણે ટૂંકમાં કહ્યું. યોગેશ્વરજી. મહાત્માગાંધીના સારામાં સારા ને સાચામાં સાચા અનુયાયી સમજો તો પણ ચાલે? એ પછી તો ભાઇ 'કુમારે' યોગેશ્વરજીની સાધનાની, સાહિત્યપ્રીતિની, એમની અદ્ભુત વક્તૃત્વશક્તિની, એમનાં લોકહિતનાં અનેક મંગલકાર્યોની વાતો કરી અને મને ફેકલ્ટી ઓફ આર્ટસમાં યોગેશ્વરજીનું પ્રવચન ગોઠવવાની ભલામણ કરી. 'ભારતીય સંસ્કૃતિ' ઉપર એમણે જે વાક્ધારા અને વિચારધારા ચલાવી તેથી સર્વશ્રોતાજનો પ્રસન્ન ને કૃતાર્થ થઇ ગયા. આ પછી પાદરાની કોલેજોમાં પણ એમનું પ્રવચન ગોઠવેલું. થોડાંક વર્ષો બાદ, વડોદરાના વિશ્વવંદ્ય આશ્રમમાં એમની વ્યાખ્યાનમાળા ગોઠવાયેલી જેમાં બે ત્રણવાર મેં હાજરી આપેલી અને એમના જ્ઞાનનો અને સત્સંગનો ઠીકઠીક લાભ લીધેલો. અમારી અરુણોદય સોસાયટીમાં રહેતા, ગાંધી ઓઇલમીલના માલિકને બંગલે યોગેશ્વરજીની અવારનવાર પધરામણી થતી હોવાથી એ સત્સંગ–ગંગામાં અવગહન કરવાની મને સહજ તક મળેલી અને પછી તો એમણે મારે મંદિરે પધરામણી કરવાની પણ કૃપા



કરેલી. એ જ અરસામાં એમણે 'અધ્યાત્મ' માસિક પ્રગટ કરવાની ઇચ્છા દર્શાવી અને મને આજ્ઞા કરી કે મારે પ્રત્યેક અંકમાં એકાદ કાવ્ય તો આપવું જ. તે જ ક્ષણે મેં મારાં ૬૦–૬૫ અપ્રગટ ભક્તિ–કાવ્યોની ફાઇલ એમના કરકમલમાં ધરી દીધી. જેમાંથી એમણે કેટલાંક ભક્તિ–કાવ્યો પસંદ કર્યાં. એમને આપેલા વચન પ્રમાણે, આજેય તે, એમની અનુપસ્થિતિમાં પણ 'અધ્યાત્મ'માં હું નિયમિત લખું છું.

ઇ.સ.૧૯૭૫માં, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી રજત જયંતી પ્રસંગે, યુનિવર્સિટી કર્મચારીમંડળ–આયોજિત પૂ.શ્રી ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ પ્રસંગે પ્રકાશિત 'સંતસૌરભ'નું સંપાદન મેં કરેલું જેમાં લગભગ પંચોતેર જેટલા સંતો–મહાત્માઓ અને ધર્માચાર્યોનો સમાવેશ કરેલો. એ પંચોતેરમાં યોગેશ્વરજીનો સમાવેશ આવી જાય છે. એ સંપાદન–કાર્ય દરમિયાન જાણવા પામ્યા કે પૂર્વાવસ્થાના સરોડાના આ શ્રી ભાઇલાલભાઇ મણિલાલ ભટ્ટ કાવ્યો, વાર્તાઓ અને નવલકથાઓ પણ લખતા હતા ને સાહિત્યપ્રેમીજ નહીં પણ સાહિત્યકાર પણ હતા. યોગેશ્વર બન્યા પછી, વેદ ઉપનિષદ, રામાયણ–મહાભારત, ગીતા, દર્શનો, યોગશાસ્ત્ર વગેરેના મર્મ અને હાર્દને સારવી–તારવીને અનેક ગ્રંથરૂપે લોકભોગ્ય બનાવેલ છે તેમાં પૂર્વાવસ્થાનો આ સાહિત્યકારની પાર્સિગત પ્રજ્ઞાની પાકી પ્રતીતિ થાય છે. અંગત રીતે હું એમના ન્હાનાલાલ પ્રત્યેના અનુરાગથી અત્યંત પ્રભાવિત થયેલો. 'ભગવાન રમણ મહર્ષિ', અને 'પ્રકાશન પંથે' જેવા એમના ગ્રંથો ઘણા લોકપ્રિય બન્યા છે. આપણા સદ્ગત નાટ્યાચાર્ય પ્રો.ચંદ્રવદન મહેતાએ

'આકાશવાણી' પરથી 'ભગવન રમણ મહર્ષિ'. વિષયક ફીચર્સ રજૂ કરેલાં તેમાં વધુમાં વધુ ઉપયોગ આ ગ્રંથનો કરેલો એનો હું સાક્ષી છું. ગુજરાતમાં અને ગુજરાતીમાં સારા વક્તાઓ આંગળીને વેઢે ગણાય એટલે જ. પંક્તિયુગના સારામાં સારા વક્તા શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') એ પછી ગાંધીયુગમાં શ્રી ઈન્દુચાચા શ્રી શામળદાસ ગાંધી, પ્રિ.યશવન્ત શુકલ, પ્રિ.સમાપ્રસાદ ભટ્ટ, પ્રો.સી.એમ.શુકલ જેવા કેટલાક એમાં પૂ.યોગેશ્વરજીનો નિઃશંકસમાવેશ કરું. કોઈપણ વિષય હોય કિન્તુ યોગેશ્વરજી પૂર્ણ આત્મવિશ્વાસ સાથે ભાષાના અદ્ભુત પ્રભાવથી અને તાર્કિક વિચારોની કડીને તૂટવા દીધા સિવાય વિષયની પ્રભાવક છણાવટ કરતા અને શ્રોતાજનોને આદિથી તે અન્તસુધી જકડી રાખતા. અમદાવાદ—વડોદરા રેડિયો પરથી 'અમૃતધારા'માટે કે અકાશવાણી રાજકોટ પરથી 'રત્નકણિકા' માં અવારનવાર 'રીલે' થતા તેમના વાર્તાલાપમાં પણ તેમની વિચારશક્તિ અને વક્તત્વકળાત્મકયુગમાં સુખદ અનુભવ થતો હોય છે. ઘણીવાર એમાં એમનું કવિ હૃદય પણ ધબકતું અનુભવાય છે. ગાંઠાગળફા વિનાનું એમનું પ્રસન્નમધુર ને પ્રાસાદિક ગદ્ય પણ હૃદ્ય હોય છે. હું જાણું છું ત્યાં સુધી પૂ.યોગેશ્વરજી એક અચ્છા પત્ર—લેખકપણ હતા. પૂ.ગાંધીજી અને શ્રી રાયચંદભાઈ (શ્રીમદ્રાજચંદ્ર) વચ્ચે પત્રો દ્વારા ધાર્મિક પ્રશ્નોની ચર્ચા થયેલી છે તો શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અને ગિદુમલ વચ્ચે 'સરસ્વતીચંદ્ર'ના અંતની યોગ્યાયોગ્યતા વિષે વિચારણા થયેલી છે. 'કીર્તિદાન કમળના પત્રો'માં શ્રી બટુભાઈ ઉમરવાઠિયાએ પત્રો દ્વારા કરેલા વિવેચનના પત્રો છે તેવી



પથિકના પત્રોમાં શ્રી અંબાલાલ પુરાણીએ તત્ત્વજ્ઞાન વિચારણામાં પત્રો લખેલા છે. 'અજ્ઞાતના પત્રો' (શ્રી ચમનલાલ વૈષ્ણવ)માં જીવનના તલસ્પર્શી પ્રશ્નો અંગે સ્વસ્થ મર્મગળીને મૌલિક વિચારણા સરલ શિષ્ટ ને પ્રતીતિકર શૈલીમાં થઇ છે. વર્ષો પૂર્વે પૂ.યોગેશ્વરજીના એક અંતેવાસીએ એમના પત્રોનું સંપાદન કરવા માટે 'અધ્યાત્મ'માં અપીલ બહાર પાડેલી એવો મારો ખ્યાલ છે. એ અપીલના અનુલક્ષમાં મેં મારી પાસે પૂજ્યશ્રીના પત્રો હતા તે તેમને મોકલી આપેલા. એ સંપાદન પછી શું થયું? ન જાને! પણ જો એ સંપાદન ભવિષ્યમાં શક્ય બને તો, અનેક મુમુક્ષુ—જિજ્ઞાસુઓના અધ્યાત્મ માર્ગદર્શનની દીવાદાંડીરૂપ બની રહેશે એવી મને શ્રદ્ધા છે. મારી પ્રકૃતિનું પૃથકકરણ કરીને મેં પૂજ્યને પ્રશ્ન પૂછેલો કે ભગવાનરામ કે ભગવાન શિવમાં કેમ વિશેષ છે? એનો જે પ્રતીતિકર પ્રત્યુત્તર એમણે આપેલો તે હજી પણ મને યાદ છે. સેંકડોની સંખ્યામાં એમના પત્રો હોવા જોઇએ. પૂ.યોગેશ્વરજીના વ્યક્તિત્ત્વનો અંતરંગ પરિચય એમના પત્રો દ્વારા પણ પામી શકાય.

મારે માટે, પૂ.યોગેશ્વરજી પ્રત્યેના અનુરાગ અને આકર્ષણનું મુખ્ય કારણ તો એમનું નિર્દંભ ને પારદર્શક વ્યક્તિત્વ. એમના જીવનમાં, વિચાર, વાણી ને વર્તનનો કોઈપણ પ્રકારનો વિસંવાદ નહીં. બલકે સંપૂર્ણસંવાદ. એક રીતે જોઇએ તો એ વધુ પડતા ગુણાનુરાગી પણ ખરા. આપણા સામાન્ય સદ્ગુણને પણ ઉદારતાથી મોટા સ્વરૂપે સ્વીકારે. અનુકંપાશીલ હૃદયને કારણે એમના સંબંધોનો વ્યાપ ઘણો મોટો હતો. એમના બધા જ સંબંધો કશા પણ સ્વાર્થ કે અપેક્ષા વિનાના હતા. અન્યના હિત અને

શ્રેય કાજે તેઓ સદાય તત્પર રહેતા. સંવેદનાની ગહરાઈને કારણે લોકસંગ્રહની પ્રવૃત્તિ એમને માટે સહજ હતી. એમના વ્યક્તિત્વમાં જ સમભાવનું એવું તત્ત્વ હતું કે સર્વને એ આત્મીય જ લાગે. એમને ને દંભને ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતું.

'અધ્યાત્મ'માં વર્ષોથી પ્રગટ થતું અને અપ્રગટ રહેલું 'શ્રી યોગેશ્વર કથામૃત' વાંચતા. વિચારતાં એ કેવા મોટા ખજાના અઠંગ સાધક હતા તેમને વાસ્તવિક જેવા દાર્શનિક કે ડૉ.રાધાકૃષ્ણના જેવા તત્ત્વચિંતક ન હોય પણ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિની અસલ રગને એમણે સંપૂર્ણ સમજણ સાથે પકડી છે તેનું પ્રત્યક્ષ ને દૂરગામી પરિણામ ઘણું રોચકને નક્કર આવ્યું છે ને ભવિષ્યમાં આવવાનાં એમના કુડીબંધ ગ્રંથો પર ઊડતી અછડતી નજર નાખનારને પણ એની ઈયત્તાને ગુણવત્તાની પ્રતીતિ થશે જ. શ્રીમદ્ શંકરાચાર્ય અને ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને વાંચનાર કેટલા? અને વાંચીને સમજનાર પણ કેટલાં? ગણતર બુદ્ધિપૂર્વજો જ! પણ ભટ્ટ કવિ પ્રેમાનંદની જેમ! આ બાજુ વ્યાસ વાંચે સંસ્કૃત આ બાજુ મારું પ્રહિત એમ સંસ્કૃતના વ્યવધાનમાં અને પ્રકાંડ પાંડિત્યના આવરણમાં—ઘટાટોપમાં ગોપાયેલા, વર્ષોની કઠોર તપસ્યા બાદ, આપણા આઈમનીષીઓએ ગોચર કરેલા બ્રહ્મને સુગમ ને સુલભ કરી આપનાર તો યોગેશ્વરજી જેવા, ભારતીય સંસ્કૃતિના સંસ્કાર. સમર્થ ભાષ્યકારો કે વિવરણકારો જ. એમની આવી અ—ક્ષર સેવાને આપણે જાગ્રતિપૂર્વક ને પૂરા ઋણભાનસાથે સ્વીકારી એ ઋષિનું તર્પણ કરી કૃતાર્થ થઈએ.



# ગુરુકૃપાની અનુભૂતિઓ

—ચંદ્રકાન્ત પટેલ

**ૐ મા**

**"પૂજ્ય મા સર્વેશ્વરીના સાનિધ્યે ગુરુ કૃપાની અનુભૂતિઓ"**

પૂજ્ય ગુરુજી યોગેશ્વરજીનો પ્રથમ પરિચય અમદાવાદમાં મે ૧૯૮૨માં સમર્થેશ્વર મહાદેવના યોગ પ્રવચન વખતે થયો. ત્યારે થયેલું પૂજ્ય મા સર્વેશ્વરીનું પ્રથમ દર્શન હજુ એવું જ યાદ છે. એ દિવ્ય ક્ષણોની યાદી હજી એવી જ તાજી છે. યોગાકર્ષણથી પ્રવચનમાં બધા જ દિવસો હાજર રહી શક્યો. પ્રવચન પછી શ્રોતાઓ ગુરુ યોગેશ્વરજીના દર્શન કરવા બેઠક પાસે કતારબધ રીતે જતાં, હું પણ રોજ પૂજ્ય યોગેશ્વરનજીનાં દર્શન કરવા જતો. ક્યારેક પૂજ્ય યોગેશ્વરજી મને ગુલાબનું ફૂલ પ્રસાદી રૂપે આપતા, એમ ત્રણ—ચાર ફુલ મળેલાં, તેમા એક ફુલ હું પરીક્ષા આપવા જતી વખતે ખાઈ ગયો. સમર્થેશ્વર મહાદેવનાં હોલમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ચાલતું. તેમાં નિયમિત જવા મંડ્યો. અમદાવાદમાં થતાં પૂજ્ય યોગેશ્વરજીનાં સત્સંગ કે સંકીર્તનમાં જતો. ૧૯૮૩ની સુરતની દશમી ધ્યાન સાધના શિબિરમાં પણ ભાગ લીધેલો ઓગષ્ટ ૧૯૮૩માં જ્યારે પ્રભુએ સત્યપથ ભક્તોનાં સત્સંગ માટે ખુલ્લુ મૂક્યું ત્યારે હું જનતાનગર ચાંદખેડાથી આવતો, ને સાડા છ થી આઠ એમ નિયમિત એક મહિનો મા—પ્રભુનાં સત્સંગનો લાભ મળ્યો, ત્યારે મારી ઉંમર ૨૭ વર્ષની હતી. ત્યારે હું સૌથી નાનો સાધક હતો. સત્સંગમાં બધા મોટી ઉંમરનાં વડીલો જ આવતા. તે સત્સંગ

દરમ્યાન શ્રી યોગેશ્વર પ્રભુની સમીપ ચારથી પાંચ ફુટના અંતરે જ બેસતો, સત્સંગ દરમ્યાન પૂજ્ય યોગેશ્વરજી ભક્તોને વારંવાર હસાવતા, શ્રી યોગેશ્વર પ્રભુ જ્યારે બાલ સહજ હાસ્ય વેરે ત્યારે મારે એક જ કામ કરવાનું શ્રી યોગેશ્વર પ્રભુ સામે નજર મિલાવીને હસવાનું. એક દિવસ તો બાબુભાઇ વોરા અને બાબુભાઇનાં ધર્મ પત્ની મધુબેનની વાત લઇને શ્રી યોગેશ્વર પ્રભુએ આખા સત્સંગ દરમ્યાન ભક્તોને પેટ પકડીને વારંવાર હસાવ્યા. ત્યારે મારે તો બસ એક જ કામ કરવાનું પ્રભુ સામે જોઇને હસવાનું ને પ્રભુ મારી સામે જોઇને હસે. એ સ્મૃતિને યાદ કરતા પ્રભુનું એ હસતું સ્વરૂપ આંખો સમક્ષ હાજર થઇ જાય છે. આ સહજ હસવા હસાવવામાં પ્રભુનાં એ દિવ્ય ચૈતન્યનાં અમી છાંટણા મારામાં પણ થયા હશે? એ જ્યારે હું આધ્યાત્મિક કે સાત્વિક વાતાવરણમાં હોઉં ત્યારે અનુભવી શકાય છે. શ્રી યોગેશ્વર પ્રભુનું અંતિમ દર્શન ફેબ્રુઆરી ૧૯૮૪માં ગુજરાત યુનિવર્સિટીનાં સેનેટ હોલમાં થયું હતું.

તે પછી લગભગ બાર કે તેર એપ્રિલ ૧૯૮૪નાં દિવસે ગુરુ શ્રી યોગેશ્વરજીનાં દર્શન સત્સંગ માટે હું સત્યપથ ગયેલો. સત્યપથની બહાર બે—ચાર ભક્તો બેઠેલા હતાં. મે તેઓને પૂછ્યું કે મહાત્માજી ક્યારે દર્શન આપશે? આજે સત્સંગ છે? તો તેઓ બોલ્યા કે તમને ખબર નથી. મેં કહ્યું ના. તેમણે કહ્યું પૂજ્ય ગુરુજીનું શરીર તો ૧૮ મી માર્ચે શાંત થઇ ગયું છે. એ શબ્દો સાંભળતા જ મારા હૃદયને એક મોટા આઘાતનો અનુભવ થયો. મન શોકમગ્ન બની ગયું. અંતિમ દર્શન પણ ન કરી શક્યો. તેનું દુઃખ થયું, અચાનક જ મન જાણે બળવો કરતું હોય તેવા ભાવ સાથે ભીષ્મ પ્રતિજ્ઞાની જેમ એવો એક અનાયાસ સહજ જ



દૃઢ સંકલ્પ થઇ ગયો ''ભલે મને અંતિમ દર્શન ન થયા હું હિમાલય જઇને પ્રભુનાં દર્શન કરીશ. આ શરીરના ભોગે દર્શન કરીશ, જરૂર પડ્યે શરીરનું પણ બલિદાન આપતાં નહીં અચકાઇશ.'' તે સમયે મને માહિતી ફક્ત એટલી જ કે મેં ''પ્રકાશનાં પંથે'' (પૂજ્ય શ્રી યોગેશ્વરજીની આત્મકથા) વાંચેલું.

પરિસ્થિતિ અને સંજોગોવસાત્ સત્સંગમાં નિયમિત રીતે હાજર રહી શકતો ન હતો. તેથી દુઃખ થતું. ૧૯૯૪માં રાજકોટ જે.કે.મા વાળાને ત્યાં ''મા સર્વેશ્વરી તીર્થ''નાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવથી થોડો સક્રિય બન્યો. ૧૯૯૬માં કર્પૂરવનમાં શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીએ ભાગવત સપ્તાહનું આયોજન કરેલું તેનો લાભ લીધો ત્યારથી પૂજ્ય મા સર્વેશ્વરી પ્રત્યેનું ખેચાણ વધ્યું. તે જ વર્ષે સ્વર્ગારોહણમાં પૂજ્ય બાપજી અને ડૉ. સુરતીયા સાથેનાં સત્સંગમાંથી ૐમા મંત્રનો મહિમા સમજી જપ કરતો થયો. ૧૯૯૭માં પૂજ્ય સર્વેશ્વરીનાં સાન્નિધ્યે નવરાત્રી શિબિર વખતે પજ્ય મા ને પત્ર લખ્યો પૂજ્ય મા તરફથી આશીર્વાદ સહ ''ૐમા'' મંત્ર જપવાની લીલી ઝંડી મળી ગઇ. ત્યારથી આસો અને ચૈત્રી માસ એમ બંને નવરાત્રી અખંડ ચાલું છે. ૧૯૯૯ થી નિયમિત જપ, પ્રણામ ચાલુ કર્યા. ૧૯૯૯ થી ૨૦૦૫ એક ટંક ભોજનનું વ્રત કર્યું. મનમાં શ્રી યોગેશ્વર પ્રભુનાં દર્શન ની ભાવના, દૃઢ સંકલ્પ પણ હતો. પરંતુ વર્ષ પછી વર્ષ વિતતા ગયા. મનમાં ચિંતા સતાવતી કે ઉંમર તો વધતી જાય છે. આપણી કોઇ લાયકાત નથી, શું પ્રભુ દર્શન વિના જ વિદાય થવાનું હશે? સ્વર્ગારોહણમાં થતી સેવા—સત્કર્મની પ્રવૃતિઓમાં નિયમિત સેવા આપતો, પ્રભુને વારંવાર પ્રાર્થના કરતો, પ્રભુ હુ હિમાલય આવું ત્યારે મને દર્શન આપજો. ૧૯૯૬માં દેવપ્રયાગ

અને દશરથચલ પર્વતની યાત્રા કરી આવ્યા. જે શ્રી યોગેશ્વર પ્રભુની સાધના ભૂમિ છે. પણ પ્રભુનાં દર્શન તો ન થયાં. મન એ બાબતે દુઃખી રહેતું, ક્યારે પ્રભુનાં દર્શન થશે? આપણી તો કોઇ ભૂમિકા નથી? બાળકની ચિંતા એની માને બાળક કરતાં વધારે હોય છે. બાળકે તો માત્ર મા મા જ કરવાનું, મ્યાઉં મ્યાઉં કરવાનું, બિલાડીનાં બચ્ચાને નહીં કારણ બિલાડીએ બચ્ચાને પોતાના મુખથી પકડ્યું હોય છે.

ઓક્ટોમ્બર ૨૦૧૧માં શ્રી યોગેશભાઇ પંડ્યાએ સત્યપથથી સ્વર્ગારોહણ પદયાત્રા કરી ત્યારે પૂજ્ય મા સર્વેશ્વરીએ મારું નામ પણ પસંદ કર્યું. પૂજ્ય માની કૃપાથી પ્રથમ પદયાત્રા હું પૂર્ણ કરી શક્યો. થોડી હિંમત વધી. ભાંગેલા માણસને બેઠો કરી દોડતો કરવાની કળા, અરે મડદાઓ પાસે પણ યુદ્ધ જીતાડવાની કળા પૂજ્ય મા સર્વેશ્વરી પાસે છે. પૂજ્ય માએ વિનોદ ખાતર ભક્તો વચ્ચે સત્સંગની બેઠકમાં લખ્યું "ચાલો સ્વર્ગારોહણથી દેવપ્રયાગની પદયાત્રા કરીએ, સાયકલ યાત્રા કરીએ, પૂજ્ય મા નું તે વાક્ય મારા મનમાં લખાઇ ગયું કે પદયાત્રા કરવી જ છે. કોઈપણ ભોગે, તે દોઢેક વર્ષ દરમ્યાન જ્યારે જ્યારે સત્યપથ કે સ્વર્ગારોહણ શ્રી યોગેશ્વર પ્રભુને પ્રણામ કરું ત્યારે ત્યારે સહજ એક પ્રાર્થના થઇ જાય." "પ્રભુ હિમાલય આવું ત્યારે દર્શન આપજો," એ એક માનસિક ક્રમ બની ગયો.

ઈન્ટરનેટ પરથી પદયાત્રાનું આયોજન કર્યું. પ્લાન પ્રમાણે રૂટ નક્કી કર્યો. કી.મી. નક્કી કર્યા, વીલ લખ્યું. ૧૩ મી જૂન ૨૦૧૩ ના દિવસે રેલ્વે દ્વારા દેવપ્રયાગ જવાં રવાના થયો. ૧૪ મી જૂન સાંજે ૫ વાગે દેવપ્રયાગ પહોંચી ગયો. ધર્મશાળામાં સામાન મૂકી અલકનંદા અને ભાગીરથીના સંગમ પર ગયો.



સંગમના પવિત્ર જળનું આચમન કરી સંગમના ઉપરના ભાગે યોગીઓ, સાધુઓને રહેવાને માટે ગુફાઓ બનાવેલી છે. એક ગુફામાં જટ્ટાધારી બાબા ધૂણાની અગ્નિમાં રસોઇ પકાવી રહ્યા હતાં. હું ત્યાંથી પસાર થયો. ૧૫ મી સવારે શાંતાશ્રમ જઇ ગુરુ લીલામૃતનું પારાયણ કર્યું, બપોરે સંગમ સ્નાન કર્યું. સાંજે પણ સંગમ પર ગયો, જટ્ટાધારી બાબા ધૂણાની અગ્નિમાં આજે પણ રસોઇ પકાવી રહ્યા હતાં. બાજુની ગુફામાં એક તેજસ્વી યુવાન યોગી બેઠેલા હતાં. જોતાવેંત જ મારા મુખમાંથી સહજ જ શબ્દો નીકળી ગયા. ઓ..હો..આ યોગી તો પ્રભુ જેવા જ લાગે છે! સાત્વિકતાપૂર્ણ, ગાંભીર્ય મુખ મંડળ તેમની સામે નજીક જતાં તે સિદ્ધાસનમાં બેઠેલા હોય તેમ જણાયું. (સ્વર્ગારોહણમાં ઉપરનાં હોલમાં જે પ્રભુનું બેઠેલું યુવાન સ્વરૂપ હતું ઠીક તેવું જ સ્વરૂપ) પછી હું ભાગીરથી કિનારે રેલીંગ પાસે થોડી ક્ષણો ઊભો રહ્યો, છેલ્લી ગુફામાં બે સાધુઓ બેઠેલા તેમને મે સિક્કાઓ આપ્યા. હવે મને આ યુવાન યોગીને ભેટ ધરવાની ઇચ્છા થઇ. હું તેમના તરફ આગળ વધ્યો તો આખું જુદું જ દશ્ય દેખાયું તે યુવાન યોગી ઠંડી લાગતી હોય તેમ બંને પગ ઘુંટણમાંથીવાળી બંને હાથ પગને પસારી દાઢી ઘુંટણ પર મૂકીને ઠંડીમાં ઠુઠવાતા હોય તેમ બેઠેલા. આ દશ્ય મને દાંભિક લાગતાં હું ત્યાંથી પસાર થઇ ગયો.

બીજે દિવસે મને ખૂબ પસ્તાવો થયો કે પ્રભુ મને છેતરી ગયા. ખરેખર તે પ્રભુ જ હતા. સિદ્ધાસનમાં બેઠેલા એ સિદ્ધોના પણ સિદ્ધ હતાં. જ્ઞાનીઓનાં પણ જ્ઞાની હતા. યોગીઓના પણ એ યોગેશ્વર હતાં. પૂજ્ય માના નામે પદયાત્રાની મથામણ કરી રહેલ કાલાઘેલા આ બાળકને શું પ્રભુ દર્શન આપીને કૃપાથી

શુકન ન કરી શકે? પણ હું ઓળખી ન શક્યો. પ્રભુએ સ્મૃતિપટ પર પડદો પાડી દીધો. એ ધન્ય ક્ષણે આ યોગી પ્રભુ જ છે એવું ન લાગ્યું એ કમભાગ્ય કહેવાય. મને પ્રભુ દર્શનની માગણી હતી, સંકલ્પ હતો, તે બધું જ ભૂલાય ગયું. આજે પણ એ દિવ્ય દર્શન યાદ કરતાં, એ અધ્યાત્મપૂર્ણ સાત્વિક આંદોલનોનો પ્રભાવ મનઅંતરપર ફરી વળે છે. અને અશ્રુ સાથે ભાવવિભોર બની જવાય છે. કદાચ મારી યોગ્યતાની ભૂમિકા એટલી જ હશે. મારું શુદ્ધિનું બળ ઓછું હશે. દેહશુદ્ધિ બાબતે મને ખૂબ જ લાગી આવ્યું. જાત પર ગુસ્સો આવ્યો કે પ્રભુનાં દર્શન ચૂકી ગયો. (ત્યાર પછી મેં દેહશુદ્ધિને લક્ષમાં લઈને તા.૨૫/૦૨/૨૦૧૪ થી તા. ૧૩/૦૪/૨૦૧૪ સુધી ૪૮ દિવસના રસાહાર ઉપવાસ કર્યા. ૫૦ કીલો વજનમાંથી ૩૯ કિલો વજન થઈ ગયું હતું. તેનાથી અને કાચું ખાવાથી મને સાધનામાં ઘણો જ લાભ થયો છે.)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# બાપુનું વીલ

**નીલમબેન પરીખ—નવસારી**

ગાંધીજીના પુત્ર દેવદાસભાઈ પોતાના મોટાભાઈ હરિલાલભાઈના દીકરા અને રસિકને ૧૯૨૮માં જામિયામિલિયામાં કાંતણ—પીંજણના શિક્ષણ તરીકે કામ કરવા પોતાની સાથે લઈ ગયા. ત્યાં ભાઈ રસિકને ટાઈફોઈડ થયો અને તે જીવલેણ નીવડ્યો. રસિકના અવસાનના ખબર આવ્યા ત્યારે ગાંધીજીએ ફરતાં ફરતાં અંગ્રેજી અને વિદેશી વૈદકની વાતો કરી. તેઓ કહે, "ટાઈફોઈડ તાવમાં દૂધ આપવાનો આગ્રહ ઘણા ડૉક્ટરો રાખે છે. નિસર્ગોપચાર પ્રમાણે તાવમાં દૂધ અપાય જ નહીં, છેલ્લી ઘડીએ હોજરી કામ કરતી બંધ થઈ ગઈ હોય ત્યારે પણ ઈંજેકશન દ્વારા દરદીને ખોરાક આપવામાં ડૉક્ટરો માને છે."

પછી ભત્રીજા છગનલાલ તરફ નજર માંડીને કહે, "છગનલાલ આટલી વસ્તુ રોજનીશીની નોંધપોથીમાં નોંધી રાખો. હું બેશુદ્ધ થઈ ગયો હોઉં ને મરવા પડ્યો હોઉં ત્યારે ગમે તેવા મોટા કુશળ વૈદો કે ડૉક્ટરો ભારપૂર્વક કહેતા હોય તો પણ કૃત્રિમ રીતે ખોરાક આપી મને જિવાડવાનો પ્રયત્ન કરવા દેશો નહીં. ઈંજેકશન કે બીજી કોઈ રીતે મારા શરીરને ખોરાક આપવા ન દેશો. આ વાત ઊપડી છે ત્યારે બીજી પણ બેવાત કહી લઉં. મને ભાનમાં લાવવા માટે કોઈ દાક્તર બ્રાન્ડી કે બીજા દારૂ શરીરે ચોપડવાનું કહે તો તમે તેની સામે ઝૂઝજો. ડૉક્ટર કે વૈદો તમને બાધા કે વેદિયાનો શિરપાવ આપે તો પણ

તમે મારા વારસ છો, નજીકના સગા છો, એ વધારે સમજો એમ માની મારા બેભાન શરીરને દારૂ ન જ અડે તે માટે કાળજાતૂટ પ્રયત્ન કરજો. છેલ્લુ, મારો દેહ જ્યાં પડે ત્યાં જ, એટલે કે તે ગામમાં જ અગ્નિ સંસ્કાર કરજો, મારા શબને કોઈપણ બીજે સ્થળે લઈ જવાનો આગ્રહ રાખવાનો નથી.''

૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખ ને શુક્રવારે ગાંધીજીનું મૃત્યુ થયું તે દિવસે પણ એ સદાના સામાન્ય માનવી જ હતા. એમની પાસે ન હતું ધન, ન હતી સંપત્તિ. તેઓ કોઈ સરકારી પદવી પર પણ ન હતા. એમણે કોઈ એવું ઉચ્ચ કોટિનું શિક્ષણ મેળવ્યું નહોતું કે નહોતી મેળવી કોઈ વૈજ્ઞાનિક સિદ્ધિ કે નહોતી એમનામાં કશી કલાત્મક પ્રતિભા! છતાં શાસનના અને સેનાના દોર હાથમાં રાખીને ફરનારા લોકોએ ૭૮ વર્ષના એ લંગોટીધારી માણસને નિવાપાંજલિ અર્પી!

દુશ્મન ઉપર પણ પ્રેમ રાખે, એક નાના શા જીવની પણ હિંસા કરવાનો વિચાર ન કરે એવા એ શાંતિના દૂતના પોતાના જ દેશવાસીની ગોળી પ્રાણ લે એ સાંભળીને જ દેશના ગાત્રો ઠરી ગયાં! આજના યુગના ઈતિહાસમાં કોઈ વ્યક્તિને માટે આટલી ઊંડી અને આટલી વ્યાપક શોકની લાગણી વ્યક્ત નથી થઈ!!

આવા બાપુને શત વંદન!! ગાંધીજી ગયા ત્યારે કવિ મનસુખલાલ ઝવેરીએ ગાયું–

**''બહુરત્ના હશે પૂર્વે અને થાશે ય ભાવિમાં**
**પરંતુ આજ તો દિસે એકરત્ના વસુંધરા!!''**

★ ★ ★



## ત્યાગીને ભોગવી જાણો...

ગોળમેજી પરિષદ વખતે કોઈ પત્રકારે પૂછ્યું, 'તમારા ગાંધીમાં એવું શું છે કે લોકો તેમની પાછળ આટલા ઘેલા બન્યા છે?' જામસાહેબે જવાબ આપ્યો, 'અમારા દેશમાં જે ત્યાગે છે તેને લોક બધું આપે છે. સ્વેચ્છાથી સ્વીકારેલી ગરીબાઈની ભારત ભક્તિ કરે છે. ભારતને ત્યાગીઓએ જ ભવ્યતા અર્પી છે. ભગવાન બુદ્ધે રાજવૈભવનાં સુખ ત્યજી દીધાં અને ત્યાગીઓની એક નવી દુનિયા ઉભી કરી દીધી. શંકરાચાર્યે ભગવાં વસ્ત્રધારી ભિક્ષુક સંન્યાસીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને તેજ આપ્યું અને નાનકે શીખધર્મને એવા ત્યાગીઓ મારફત જ દૃઢ કર્યો!'

આજે તો ઉપભોગ પાછળ આખા રાષ્ટ્રે જાણે દોટ મુકી છે. 'રળી લો, રળી લો, રળાય એટલું રળી લો!' એવી હવા ઉભી થઈ છે. દેશે સ્વાતંત્ર્ય રળ્યું છે પણ સ્વાતંત્ર્યની સિદ્ધિ રળવાની બાકી છે. સમષ્ટિનિષ્ઠ સમાજ સ્વનિષ્ઠ બનવા માંડ્યો છે એ કેમ ચાલશે?

રઘુઓનો ઈતિહાસ ત્યાગની કથા લલકારે છે. દેવોને પોતાના હાડ ભેટ ધરનાર દધિચી, કર્ણ, રંતિદેવ, મયૂરધ્વજના ત્યાગની વીરતા આપણા બાળકો પાસે હવે પહોંચતી નથી. હર્ષવર્ધન દર પાંચ વર્ષે રાજલક્ષ્મીને ગરીબોમાં લૂંટાવી દઈ, ગરીબ બનવામાં ગૌરવ અનુભવતો. દિલ્હીપતિ નાદિરશાહની બેગમ રોટલી શેકતાં દાઝી જાય પણ રાજતિજોરીમાં ખર્ચ નાંખીને તે રસોયો ન રાખે. મુગલ સલ્તનતનો આલમગીર પોતાનું ગુજરાન કુરાનની નકલ કરીને અને ટોપીઓ સીવીને કરતો. લાલબહાદુરશાસ્ત્રીનો હિસાબ અંગત મિલકતમાં દેવું

બતાવે એ ભારતીય ઇતિહાસની ભવ્યતા છે!

મરાઠાયુગના પેશ્વા માધવરાવના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીની પત્નીની થીંગડાવાળી સાડી જોઇને, તેમને પેશ્વાના પત્ની સોનેરૂપે મઢી દઇ પાલખીમાં ઘરે પાછા રવાના કરે ત્યારે, ઘરનાં બારી–બારણાં બંધ કરી પત્નીની ઉપેક્ષા કરીને બધું ધન પાછું મોકલાવી દેનાર રામશાસ્ત્રી જ! રાઘોબાને 'નારાયણરાવના ખૂનનું પ્રાયશ્ચિત મૃત્યુ હોઇ શકે' એમ જાહેર દરબારમાં ફરમાન કરી શકે અને ન્યાયાસનને લાત મારી શકે એવા પ્રસંગોથી આપણા બાળકો વંચિત રહે એ કેટલું દુઃખકર છે!

તુકારામની ગરીબાઇથી દયાર્દ્ર બનેલા શિવાજીએ મોકલાવેલાં સોના–ચાંદીનાં વાસણો તુકારામના પત્નીએ સ્વીકારી માટીની હાંલ્લી કાઢી નાખી, પણ સંત તુકારામે તો એ મોંઘામૂલાં વાસણને 'ભગવાનને દાન કરવાની આપેલી સુંદર તક' માનીને ગરીબોમાં લૂંટાવી દીધાં. પછી 'રસોઇ શામાં કરીશું' એવી મૂંઝવણ જ્યારે પત્નીને થઇ ત્યારે 'જેવી વિઠોબાજીની મરજી' કહી તુકારામ હસી પડ્યા! એવા શ્રદ્ધા–નિર્મળ ત્યાગની આજે આપણું રાષ્ટ્રીય ચારિત્ર્ય જીવંત કરવા માટે જરૂર છે.

ત્યાગથી બીજાને થતું સુખ જોઇ તેનો આનંદ ભોગવી જુઓ. સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબાઇ એ રાષ્ટ્રની આજની આવશ્યકતા છે.



# પ્રેરણાસ્પદ વાંચન

–ડૉ. હિમાંશુ પાઠક

સુરત

**''પ્રકાશના પંથે–આત્મકથા શા માટે વાંચવી?''**

ભારત દેશના સુંદર ભવિષ્ય માટે, જેમના પર કરોડો લોકોની આશા અને અપેક્ષાની મીટ મંડાયેલી છે એવા આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજકાલ એમના interview માં એક વાતનો ઉલ્લેખ વારંવાર કરે છે કે યુવાનોએ મહાન પુરુષોના જીવનચરિત્રો વાંચવા જોઇએ, જેનાથી સુંદર વ્યક્તિત્વનું નિર્માણ થશે.

શ્રી નરેન્દ્ર મોદી જે જીવનચરિત્રની અપેક્ષા રાખે છે, એ પરીક્ષામાં સર્વાંગોપાંગ પાર ઊતરે એવું કોઇ શ્રેષ્ઠ જીવનચરિત્ર હોય તો તે 'પ્રકાશના પંથે' છે. શ્રી યોગેશ્વરજીનું જીવનચરિત્ર છે આ 'પ્રકાશના પંથે'.

શ્રી યોગેશ્વરજી વીસમી સદીના સર્વશ્રેષ્ઠ પુરુષ છે, શ્રેષ્ઠ સાધક–સંત–યોગીપુરુષ છે, માતૃભક્ત છે તો સાથે સાથે રાષ્ટ્રભક્ત પણ ખરા, ઉત્તમ માનવ તો છે જ, પણ શ્રેષ્ઠ માર્ગદર્શક છે, સાથે સાથે ઉત્તમ વક્તા ને લેખક તો ખરા જ. તમે કહેશો કે હું આ પ્રમાણપત્ર શેના આધારે આપી શકું છું?

જવાબ એક જ છે 'પ્રકાશના પંથે'. જેમ કોઇપણ વ્યક્તિ સાથે લાંબા સમય સુધી રહેવાથી એમના વ્યક્તિત્વના જુદા જુદા પાસાઓનું દર્શન થાય છે, તે જ રીતે કોઇ જીવનચરિત્ર સાથેનું લાં...બુ અનુસંધાન એ જીવનનેતા કે ચરિત્રનાયકના જીવનના

પાસાઓનો ઉઘાડ કરે છે, જેનાથી તમે અંજાયા વગર રહી શકતા નથી, તમે એમની સમક્ષ નતમસ્તક થઇ ઊભા રહ્યા વગર રહી શકતા નથી.

'પ્રકાશના પંથે' સાથેની મારી યાત્રા, મારા દૈનિક જીવનનો અવિભાજ્ય અંગ છે અને એટલે જ આટલા વર્ષોના અનુભવથી એવું કહું તો અતિશયોક્તિપૂર્ણ ના કહેવાશે કે જો પૂજ્ય યોગેશ્વરજીએ પોતાની કલમ દ્વારા બીજા ૧૦૦ જેટલાં પુસ્તકો ન લખ્યાં હોત અને ફક્ત 'પ્રકાશના પંથે' જેવું એક જ જીવનચરિત્ર અથવા આત્મકથા લખી હોત, તો પણ એ ગુજરાતી સાહિત્યનું સર્વશ્રેષ્ઠ સર્જન ગણી શકાત.

આપણામાંથી જેમને વાંચનનો શોખ છે, એમને પૂછવામાં આવે કે તમે શા માટે વાંચવાનું પસંદ કરો છો? તો પ્રાયઃ એક જ પ્રત્યુત્તર મળે છે કે વાંચનથી એમના મનનું ઘડતર થાય છે. બીજા શબ્દોમાં એમના વિચારોનો પીંડ બંધાય છે. 'પ્રકાશના પંથે' ના વાંચનથી એવો જ અનુભવ થાય છે. આ જીવનચરિત્રનું વાંચન તમારા વિચારોને આકાર અને દિશા આપે છે, જીવનને ગતિ આપે છે.

મહર્ષિ પતંજલિએ એમના યોગશાસ્ત્રના પ્રથમ જ સૂત્રમાં લખ્યું છે કે

**॥ अथ योगानुशासनम् ॥**

અર્થાત્

જો તમને શાંતિનો અનુભવ કરવો જ હોય, અને એ શાંતિ મેળવવા માટે તમે જે કંઇ કર્યું હોવા છતાં તમે કોઇ કારણોસર શાંતિ મેળવી શક્યા નથી અને તમારી શાંતિનો અનુભવ કરવાની ભૂખ સાચી છે, તો ચાલો, હું (મહર્ષિ પતંજલિ)ની જેમ તમને યોગનો માર્ગ બતાવું છું. હું પણ તમને એ જ કહેવા માંગુ છું કે માનવમાત્રના હૃદયમાં રહેલી શારીરિક, માનસિક અને આત્મિક શાંતિ મેળવવાની ઇચ્છાની પૂર્તિ, વિવિધ સાધના અને વિવિધ સાધનનું અવલંબન લેવા છતાં પણ, ન થઇ હોય તો, 'પ્રકાશના પંથે'નું વાંચન–મનન–ચિંતન, એ ત્રિવિધ શાંતિની પૂર્તિ કરશે જ.



**॥ अथ प्रकाश पंथम् ॥**

પશ્ચિમના લેખકો જીવનમાં સફળતાની પ્રાપ્તિ પર ઘણાં પુસ્તકો લખે છે. જીવનનો ધ્યેય (Goal) કેવી રીતે નક્કી કરવો જોઇએ, એ Goal ની પ્રાપ્તિ માટે કેવા અને કેટલા પ્રયત્નો કરવા જોઇએ. અને જો Goal પ્રાપ્ત ન કરી શકો તો એનાં ક્યાં ક્યાં કારણો હોઇ શકે વગેરે....ની ચર્ચા થતી રહે છે. અરે! મહર્ષિ પતંજલિએ પણ આ જ વાત ફક્ત એક સંસ્કૃત વાક્યમાં લખી બતાવી છે.

**स तु दीर्घकाल नैरन्तर्य सत्कारा सेवितो दृढभूमिः ॥**

હે માનવ, તારા જીવનની શરીર અને મનરૂપી ભૂમિ (બીજા શબ્દોમાં તારા જીવનનો Goal)ને દૃઢ કરવી હોય તો તારે લાંબા સમય સુધી દરરોજ પ્રેમપૂર્વક પ્રેક્ટીશ કરવી જોઇએ. (તો મારુ (મહર્ષિ પતંજલિ) અભય વચન છે કે તને તારું ગંતવ્યસ્થાન મળ્યા વગર રહેશે નહીં). પૂજ્ય યોગેશ્વરજીની જીવનકથા જીવંતકથા છે. અને માનવમાત્રના સફળ જીવન માટે ઉપરોક્ત યોગસૂત્રમાં બતાવવામાં આવેલ અભિગમને જીવનમાં કેવી રીતે પ્રગટાવી શકાય, એટલું જ નહીં, આ અભિગમને આપણા જીવનમાં પ્રગટતો અનુભવી શકાય છે.

નિરાશા સર્વત્ર વ્યાપક અને સહજ છે. અને નિરાશાનો

ભાવ પ્રભાવશાળી પણ ખરો. પછી સાયકલ શીખવાનો પ્રયત્ન કરનાર છ વર્ષનો બાળક હોય કે એવરેસ્ટ સર કરવા માટે નીકળેલો યુવાન હોય, સૌના પર નિરાશાનાં વાદળો ફરી વળે છે. 'પ્રકાશના પંથે' વાંચવાથી એવું લાગ્યા વગર રહી શકતું નથી કે આ પૃથ્વીપટે કોઇને સૌથી વધારે નિરાશ થવાનો અધિકાર હોય તો તે પૂજ્ય યોગેશ્વરજીને છે. પ્રખર સાધના પછી પણ મળી રહેલી નિષ્ફળતાનો દોર એમને નિરાશ કરી શક્યો હોત. પણ યોગેશ્વરજી એટલે યોગેશ્વરજી. એમના હૃદયમાં રહેલો શ્રદ્ધા અને આત્મવિશ્વાસનો સૂર્ય એટલો પ્રખર અને પ્રબળ હતો કે નિરાશાનાં વાદળો ક્ષણિક સજાર્યાં, પણ ગર્જી ના શક્યાં. એકવીસમી સદીના માનવને માટે આ સંદેશો અતિમૂલ્યવાન છે.

તમારા જીવન સાથે સંકળાયેલા માનવના સ્વભાવનો અભ્યાસ કરશો તો એ વાત ઊડીને આંખે વળગે છે કે માનવમાત્ર એક યા બીજા પ્રકારની ગ્રંથિથી પીડાય છે. કદાચ ભગવા વસ્ત્રધારી સંતો પણ અપવાદરૂપ હશે. આ ગ્રંથિ જ તો દુઃખ આપે છે. એનો અર્થ એ થયો કે ગ્રંથિરહિત મનોદશા સુખ અને પ્રસન્નતા આપે છે. 'પ્રકાશના પંથે' આ કળા શીખવે છે કે આ ગ્રંથિઓનું ભેદન કેવી રીતે કરી શકાય? બીજા શબ્દોમાં 'પ્રકાશના પંથે' પ્રસન્નતાનો પંથ બતાવે છે.

હું થોડા મહિના પહેલાં એક શાળાના આચાર્ય સાથે એમના ઘરમાં જ જમવા બેઠો હતો. એમનાં વયોવૃદ્ધ અંધ માતાએ કોઈ વસ્તુની માંગણી બેથી વધારે વાર કરી, તો ચાલીસ વર્ષોથી વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કરતા આ આચાર્ય મહાનુભવે મારા જેવા મહેમાનની હાજરીમાં પોતાની જનેતાને તમાચો મારી



દીધો. આવા અપ્રકાશના પંથે ચાલનારા માનવને માટે પૂજ્ય યોગેશ્વરજીની માતૃભક્તિ દીવાદાંડીરૂપ છે.

એકવીસમી સદીને ન ચિંતાઓની સદી (Century of Auxiety) કહી શકાય. બધા જ દોડે છે ને મોટે ભાગે દિશાવિહીન દોડે છે. માટે દરેકના દિલમાં અંજપો છે, શંકા–કુશંકા, ગૂંચવાડો ને નિરાશઆ (Confusion અને frustration)ની લાગણી છે. અને આવો જ મનોભાવ દરેક માનવને આધ્યાત્મિક ક્ષેત્રે છે. પરિણામે આજના માનવને કોઇ ચરણમાં પ્રીતિ થતી નથી અને નથી બેસતી શ્રદ્ધા. કોઇ ઈશ્વરના રૂપમાં જો તમારે તમારા વિભાજીતમનના ભાગને મનની શાંતિના ભાગમાં (Pieces of mind ને Peace of mind) પરિવર્તિત કરવું હોય તો, 'પ્રકાશના પંથે' થી શ્રેષ્ઠ માર્ગ મળવો મુશ્કેલ છે.

અને છેલ્લી વાત.

પરમ પૂજ્ય યોગેશ્વરજીના જીવનની ગાથા એ સામાન્ય માનવમાંથી વિશેષ માનવ ને વિશેષ માનવમાંથી દૈવીગુણોથી સંપન્ન સ્વયં ઈશ્વરરૂપ થવાની ગાથા છે. આનંદની વાત એ છે કે વીસમી સદીના સર્વશ્રેષ્ઠ પુરુષ–વિશેષ પુરુષની ગાથા ખૂબ જ નજીકના ભૂતકાળની ગાથા છે. અને એટલે આપણી શ્રદ્ધાને આ ગાથાની ચેતના સ્પર્શ્યા વગર રહી શકતી નથી. એટલે કહ્યા વગર રહી શકાતું નથી કે

'પ્રકાશના પંથે' એટલે 'પ્રકાશના પંથે' On the path of Enlightenment.

# મહાત્મા યોગેશ્વરજી—ગુજરાતનું ગૌરવ

—પરમાર્થી

"શ્રી યોગેશ્વર આજને દહાડે જગતના વિરલ પુરુષ વિશેષોમાંના એક છે. અથવા એટલું જ શા માટે?....જગત પોતાનાં સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી તેવાઓમાંના એક,"

**વિજયરાય ક. વૈદ્ય**

('પરિમલ' પુરોવચન પૃ. ૪)

ગુજરાતના મૂર્ધન્ય વિદ્વાન સાક્ષર સ્વ. શ્રી વિજયરાય વૈદ્યના ઉપરોક્ત શબ્દો ઘણું કહી જાય છે. સર્વ શ્રેષ્ઠ મહાપુરુષોને ઓળખવામાં આ જગત ઘણું મોડું પડે છે તેવી માર્મિક ટકોર પણ ઉપરોક્ત શબ્દોમાંથી ધ્વનિત થાય છે. ઇ.સ. ૧૯૬૦ પછી તેઓશ્રીએ ભાગવતી શક્તિથી સંપન્ન બનીને ગુજરાતના શહેરોમાં લોકસંગ્રહાર્થે વિચરણ કરવા માંડ્યું હતું. ત્યાર પછી તેમને હાથે સર્જાયેલ સાત્વિક સાહિત્ય પણ પ્રત્યેક વર્ષે પ્રકાશિત થવા લાગ્યું. સ્વ. શ્રી વૈદ્ય સમસ્ત ગુજરાતના મહાન વિવેચક હતા. તેમની સત્ય પારખુ દૃષ્ટિએ સાહિત્ય દ્વારા પૂ.યોગેશ્વરજીના સામર્થ્યનું સમયોચિત સુભગદર્શન કરી લીધું હતું. તેની પ્રતીતિ ઉપરોક્ત વિધાન દ્વારા આપણને થાય છે.

ભગવદ દર્શનની અભિલાષાથી ત્યાગને પંથે ઘણા વળે છે. પરંતુ ત્યાગનો માર્ગ તો ઘણો કપરો માર્ગ છે. શૂરવીરનો માર્ગ ગણાય છે તેથી ઘણા ખરા તો ધ્યેયસિદ્ધિ પહેલાં જ પતન પામે છે. જે સિદ્ધ બને તે પુરુષ વિશેષ છે. વિરલ શબ્દ—વીસમી



સદીમાં પુરાણોમાં વાંચવા મળે છે તેવી તેમણે કરેલી ઘોર તપશ્ચર્યાનું તે દ્વારા પ્રાપ્ત થયેલ યૌગિક સિદ્ધિઓનું અને તે સિદ્ધિઓને પચાવી નમ્રાતિનમ્ર ભાવે તેમના દ્વારા લોકસંગ્રહના કાર્યનું યથોચિત મૂલ્યાંકન છે. તેમને સાંભળવા એ પણ એક લ્હાવો છે. ત્યારે પણ તેમને માટે વપરાયેલું વિરલ વિશેષણ યથાર્થ લાગ્યા વિના રહેતું નથી. સ્વાનુભૂતિ જન્ય આત્મબળથી રસાયેલી કસાયેલી, હૃદય તલના ઊંડાણમાંથી અસ્ખલિત રીતે વહેતી તેમની શ્રીવાણી જિજ્ઞાસુ શ્રોતાઓને પતિત પાવન ગંગા જેવી પુણ્યશાળી લાગે છે. તેમાં વપરાયેલી ભાષા શિષ્ટ, ઓજસ્વી છતાં સરળ, સરસ ને સચોટ હોય છે. ક્યાંય પણ દુર્બોધ નહીં. શ્રોતાઓને સમયનું ભાન રહેતું નથી. તેથી જ તેમને માટે વપરાયેલું વિરલ વિશેષણ આપણને ગમી જાય છે. આ દ્રષ્ટિએ તેઓ વિરલ વક્તા વિશેષ પણ છે.

તેમણે માત્ર નવ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવેલી. સ્થિતિ અત્યંત ગરીબ. મુંબઇ અનાથ આશ્રમમાં રહીને ભણ્યા. માતાનો એકનો એક દીકરો નાનપણથી જ પરમાત્મા પ્રેમી. ભણતા ભણતા પ્રભુ દર્શનની ઝંખના તીવ્રતમ બની એટલે માતાની સંમતિ લઇ હિમાલયનું શરણુ લીધું. દેવ પ્રયાગમાં ઘોર તપશ્ચર્યા કરી. સાત વરસ સુધી ઉંઘ નહીં. સાત વરસ સુધી સૂવાનું નહીં. ઉપવાસોની કોઇ અવધ નહીં. દેહ પડી જાય તો ભલે પણ પ્રભુના દર્શન થાય તો જ અન્ન લેવું. માત્ર પાણીના પાંચ આચમન જ લેવાં. એકસો ત્રણ દિવસ સુધી ઉપવાસ ચાલ્યા. સામે લાલચો કસોટી કરતી. આગંતુક પ્રવાસીઓ સારી સારી વાનગીઓ સામે મૂકી જતા. સાત વર્ષ સુધી મૌન. વાત તો

કોની સાથે કરે? તેમનુ મન તો પ્રભુ સાથે જ વાતો કર્યા કરે. પ્રભુને આજીજીપૂર્વકની પ્રાર્થના કર્યા જ કરે. અષ્ટસિદ્ધિ નવનિધિની લાલચો પણ આવી. કાંઇ જ ખપ્યું નહીં. માત્ર પ્રભુનું જ દર્શન આખરે પરમાત્માએ તેમની મનોકામના પૂર્ણ કરી.

એકના એક દીકરાએ તો પ્રભુ સાથે પ્રીત જોડેલી એટલે માતાજીની સંભાળ કોણ રાખે? સમય જતાં માતાજીને પણ સાથે રાખ્યાં. માતાજીને પણ આધ્યાત્મિકતાથી સંપન્ન બનાવ્યાં, લગભગ બત્રીસ વર્ષ સુધી માતાજીને સાથે રાખી તેમની યથોચિત સેવા કરી. તેથી તેમને માતૃભક્ત તરીકે પણ સંતજગત ઓળખે છે. આ દૃષ્ટિએ પણ તેઓ વિરલ વિશેષ સંત કહેવાય. આજના જમાનામાં એક ગૃહસ્થી પણ પોતાની માતાની સાર સંભાળ ન રાખી શકે તેવી સંભાળ તેમણે માતાજીની અંતિમ માંદગીમાં પણ રાખી. તેમના માતાજી ઇ.સ.૧૯૭૯માંજ દેવલોક પામ્યાં પોતાના શરીર પર હાર્ટ એટેકના બબ્બે હુમલાઓ આવ્યા તો પણ તેમણે માતાજીને સ્વસ્થ ચિત્તે વિદાય આપી. લોકાચાર પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિઓ પણ કરી. પોતે સાહિત્યકાર એટલે માતાજી ઇક્ષોતેર વર્ષે દેવલોક પામ્યાં તેથી તેમણે ઇક્ષોતેર કાવ્યોનું સર્જન કરી તેમનું તર્પણ કર્યું. એક સંત, સમર્થ સાહિત્યકાર હોય તે પણ વિરલ જ કહેવાયને! નહીં તોય નેવું જેટલા ગ્રંથ–પુષ્પો અત્યાર સુધીમાં મા શારદાના ચારુ ચરણોમાં સમર્પિત કરનાર સંત સાહિત્યકાર કેટલા? સાહિત્ય અને તે પણ વૈવિધ્ય સભર ને શુદ્ધ સત્વશીલ સાહિત્યના વિવિધ સ્વરૂપોને જાણે કે આત્મસાત્ કરી ચૂક્યા હોય તેવા પ્રજ્ઞાશીલ સંત સર્જકોની સંખ્યા આ



જગતમાં વિરલ જ રહેવાની!

અનંત શક્તિઓથી વિભૂષિત થયેલું તેમનું વ્યક્તિત્વ સમસ્ત ગુજરાતને માટે ગૌરવરૂપ છે. મહર્ષિ અરવિંદે અતિમનસને આ સ્થૂળ પૃથ્વી પર અવતરિત કરવાની મહેચ્છા કરેલી. પરમાત્માની તે પરાત્પર ચેતના તેઓશ્રીમાં ઇ.સ. ૧૯૬૦ થી આવિષ્કૃત થઇ ચૂકી છે એટલું જ નહીં પણ તે પરાત્પર ચેતના ચોવીસે કલાક, ચંદ્રમાં ચાંદની અતૂટ પણ જાડાયેલી રહે તે રીતે જોડાયેલી રહે છે. ઇચ્છામાં આવે તે રીતે તે ત્યારે તેની સાથે વાતો પણ કરી શકે છે. આવા અનન્ય સંત ગુજરાતમાં ક્યારે જન્મ્યા હશે તેની મને તો જાણ નથી. આ દૃષ્ટિએ પણ તેઓશ્રી આધ્યાત્મિકતાના સર્વ ઉર્ધ્વતમ શિખરોને સર કરનાર વિરલ વિશેષ સંત છે.

આવી મહાન વિભૂતિ સાથે અમેરિકામાં મને પોણા બે મહિના સુધી રહેવાની સુવર્ણ તક પ્રાપ્ત થઇ હતી, તેથી હું મારી જાતને અત્યંત સદ્ભાગી સમજું છું. તેમને નજીકથી જોવા એ પણ એક લ્હાવો છે. એકે એક મિનિટનો તેઓ ઉપયોગ કરતા હતા. આખી રાત ભાગ્યે જ તેઓ સૂતેલા જણાય. સૂતા હોય તો અર્ધો કલાકથી વધુ નહીં જ. ક્યાં તો તેઓ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા જણાય અથવા તો પોતાની રૂમમાં આંટા મારતા જણાય. માતાજીના અવસાન પછી માળા કરવાનો નિયમ તેમણે રાખ્યો છે. તેથી આંટા મારતી વખતે હાથમાં માળા પણ જણાતી હોય છે. મળસ્કે ફરીથી સમાધિસ્થ બની જાય. આસન, પ્રાણાયામ, વ્યાયામ વિગેરે નિયમિત પણ કરીને તેઓ સ્નાન કરી લે છે. ત્યાર પછી તેઓ લેખન કામમાં મગ્ન બની જાય છે. અમેરિકામાં

આવ્યા ત્યારે તેઓ તુલસીકૃત રામાયણને ગુજરાતીમાં દોહાચોપાઈમાં અનુવાદિત કરવાનું કાર્ય નિયમિત રીતે કરતા જણાતા. સવારે સાડા ત્રણ કલાક એકધારા લેખનકાર્યમાં વ્યતીત કર્યા પછી તેઓ સાડા અગિયાર વાગ્યે ભોજન માટે તૈયાર થાય. ભોજન જાતે જ બનાવતા. ભોજન પણ કેટલું? તદ્દન અલ્પ. સામાન્ય માણસને અલ્પાહાર પણ ઓછો પડે તેટલો તેમનો ખોરાક. ઘણીવાર તો એક જ વાર જમતા. એક વાર દૂધથી જ ચલવી લેતા. જમ્યા પછી ટપાલ લખાવવાનું કાર્ય કરાવતા. થોડો આરામ કર્યા પછી દોઢ કલાક ફરીથી લેખનકાર્ય કરતા. સાંજે દોઢ કલાક વ્યાખ્યાન માટે આપતા. આ રીતની તેમની દિનચર્ચા પણ તેમને વિરલ વિશેષ સંત તરીકે પૂરવાર કરે છે.

તેમના સામર્થ્યનો પરિચય નજીક આવનારને વારંવાર થયા કરતો. તેમને પ્રશ્ન પૂછનારનો મનોભાવ કે તેમને વંદન કરનારનો મનોભાવ સહજ રીતે તેઓ જાણી જતા. એટલું જ નહીં પણ ઘણીવાર અજાણ્યા ભાઈઓ બપોરની બારથી એક વાગ્યાની બેઠકમાં આવતા ત્યારે તેઓને વગર પ્રશ્નો પૂછ્યે યોગ્ય ઉત્તરો મળી જતા ત્યારે આશ્ચર્ય થતું. આમંત્રણો અવાર નવાર મળ્યા કરતા. આમંત્રણ આપનાર કેવો વિચાર ધરાવે છે અને કેવી રીતે જીવન ગુજારે છે તે પણ મારા જેવાને કહી દેતા. વિના પહેચાને અજાણી વ્યક્તિનો ઈતિહાસ તેઓ જાણી જતા. કાંઈ અઘટિત બનાવની ઝાંખી પણ તેમને થઈ જતી. કોઈ તેમને છેતરી શકે નહીં એની પ્રતીતિ અમોને વારંવાર થતી. તેમની સર્વજ્ઞતાનો પરિચય અમોને પળે પળે થતો. ત્રિકાળ જ્ઞાનીઓમાં પણ તેઓશ્રી અમોને વિરલ વિશેષ જ લાગતા.



ઘડીયાળની સાથે તાલ મેળવતા હોય કે ઘડીયાળ તેમની સાથે તાલ મેળવતી હોય તે સામાન્ય રીતે પારખી શકાતું નહીં. નિયમિત કાર્યક્રમ, નિયમિત વ્યવહાર, નિયમિત વાતચીત, નિયમિત મુલાકાત આ બધું અમોને પ્રસન્નકારક લાગતું. તેમના સાંનિધ્યમાં અમારા મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન થતા જ નહીં. અમોને કોઈ દિવસ કંટાળો આવ્યો જ નથી. તેમની મૂખ પર છવાયેલી પ્રસન્નતા અમારા હૃદયમાં વ્યાપી વળતી હોય તેવો અમને વારંવાર અનુભવ થતો. તેઓ સ્વભાવે માયાળું. ખરેખર તો કરુણાના સાગર જ. છતાં શિસ્ત માટે કડક, તેમના શરણમાં રહેવું હંમેશ ગમે તેવું તેમનું વર્તન ખરેખર દાદ માંગી લે છે. ખોટી આળપંપાળ કદી જોવા નહીં મળે. જે કહેવું હોય તે સ્પષ્ટ કહી દેતા. તેમના સાંનિધ્યમાં સાથે રહેનારના હૃદયમાં આધ્યાત્મિકતા અંકુરિત થતી મેં જોઈ છે. જેવી જેવી ભૂખ તેવું તેને પીરસાઈ જતું તે મેં જોયું છે.

તેઓશ્રી મહાત્મા ગાંધીજીના પરમ ભક્ત પણ ખરા. તેમના જીવન પર ગાંધીજીની અસર સ્પષ્ટ વર્તાયા કરતી. સદાઈ, સાદગી ને સ્વભાવની સરળતા એ લક્ષણો સહુ કોઈનું ધ્યાન ખેંચતાં. બપોરના લેખનકાર્ય પછી ઘણીવાર કહેતા કે 'હવે સમાજનો રોટલો ખાવાનો આપણને અધિકાર મળ્યો.' તેમનો પહેરવેશ પણ શુદ્ધ ખાદીનો. ફાટેલું કપડું જાતે સાંધી લેતા. કપડાં પણ જાતે જ ધોઈ લેતા. સ્વાલંબીપણાનો ગાંધીજીનો આદર્શ જાણે કે ચરિતાર્થ થતો જણાતો. લોકો ભેટ સોગાદ મૂકતા તે બધી સ્વીકારતા નહીં. ઘણીવાર પ્રસાદી તરીકે પાછી પણ આપી દેતા. કોને કેટલી જરૂર છે તે તેઓ બરાબર જાણી જતા. ઘણીવાર

સામેથી દાન પણ આપતા. જ્ઞાનનું દાન તો તેઓ કરતા જ રહેતા હોય પણ કોઇને નાણાકીય સહાય જરૂર જણાય ત્યાં કરવાનું ચૂકતા નહીં. આ પ્રકારનાં લક્ષણો આજે તો ભાગ્યે જ કોઇ સંતોમાં જણાતા હશે. તેમની પાસે કોઇ નિરાશ થઇને જતું નહીં. શરણમાં આવનારને નિર્ભયતા ને સલામતીનો અનુભવ થતો.

આવા સ્વનામધન્ય મહાપુરુષ મારા ગુરુદેવ છે. તેમને વિષે વધુ શું લખું? તેમના ગુણો તો ગણાય નહીં એટલા. સાક્ષાત્ મા શારદા પણ વર્ણન ન કરી શકે તો મારા જેવા સામાન્ય જનનું તો શું ગજું? સદ્‌ગુરુ કબીર સાહેબ કહે છે તેમ

**સબ ધરતી કાગદ કરું, લિખની સબ વનરાય**
**સાત સમંદકી મસ્ત કરું, ગુરુ ગુન લિખ્યા ન જાય!**

છતાં મારી પંચમહાભૂતની પ્રકૃતિએ જે જોયું ને અનુભવ્યું તે લખ્યું. અંતે તેમને વિરલ વિશેષ સત્પુરુષને, લક્ષકોટિ વંદન કરીને વિરમુ.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# જ્યોતિષીની ડાયરીમાંથી

**–ડૉ.ચંદ્રશેખર ઠક્કુર**

પરમપૂજ્ય શ્રી યોગેશ્વરજી બ્રહ્મલીન થયા ત્યારે ગ્રહોની સ્થિતિ કેવી હતી તેનો એક અભ્યાસ.

આ કોલમમાં લખવાનું મેં શરૂ કર્યું ત્યારથી મને મારા મિત્ર સ્વ. રઘુવીર વ્યાસની યાદ અપાવે તેવા લેખો, મૌલિક સર્જનાત્મક લેખો લખવા માટે કહેવામાં આવ્યું છે. આ બાબત ઘણા પત્રો મળ્યા છે. એમની વિનંતીને હું માન આપું છું.

હોય વચ્ચે યોગેશ્વર એક સેતુરૂપ હોય તે માનવી જન્મે છે. જન્મતારીખ, સ્થળ અને સમયનો નકશો દોરવામાં આવે છે. આનું નામ છે જન્મકુંડળી.

પણ કોઇ વ્યક્તિ જયારે અંતિમ શ્વાસ લે છે. તે તારીખ, સ્થળ અને સમય મહત્ત્વનાં બને છે. મૃત્યુ સમયની પળ તેની કુંડળી પણ આગવી બને છે.

સાચા સંતો યોગેશ્વરજી જેવા બ્રહ્મલીન થાય છે. સમાધિ લે છે.

સ્થળઃ–કાંદિવલી, મુંબઇ. લક્ષ્મીનારાયણનું મંદિર

તારીખ ૧૮ માર્ચ ૧૯૮૪. રાત્રે ૯.૪૫ નો સમય–પોણા દશનો સમય આધ્યાત્મિક સાધનાના પંથોના પગથિયા ચઢતા. અને એનો રસાસ્વાદ કરાવી ભક્તિરસમાં તરબોળ એવા યોગેશ્વરજી પાવન મૃત્યુ પામ્યા છે.

અનેક વર્ષો પૂર્વે મનન મંથનની કોલમમાં મલાડમાં ઠાકોરજીના મંદિરમાં સ્વ.શ્રી મણિભાઇ ગાંધી જન્માષ્ટમી

રાત્રિના અવસાન પામ્યાની વાત અમે કરી હતી.

અહીં જ્યારે તેઓ કથા કરી રહ્યા હતા ત્યારે તેઓ બ્રહ્મલીન થયા.

પ્રવચન ચાલુ હતું અને તેઓ સમાધિસ્થ થયા હતા. પત્રકારોની ભાષામાં એકાએક ઢળી પડ્યા.

મૃત્યુ પળે તુલા લગ્ન ઉદય પામતું હતું. નવમાશાદિનો અભ્યાસ પણ કરશો.

લગ્નમાં શનિ—પ્લુટો—મીનનો સર્ય હતો. ચંદ્ર કન્યાનો બારમો હતો. વૃશ્ચિકનો સૂર્ય હતો. બુધ મીનનો હતો. ત્રીજે ધનનો ગુરુ રાહુ ૮ મે હતો. કેતુ બીજે હતો. બીજે વૃશ્ચિક હતો. હર્ષલ બીજે હતો.

હોળી સમાપ્ત થઇ હતી. ધૂળેટી સમાપ્ત થઇ હતી.

મારું કહેવું એ છે કે આ કુંડળી માંડો. એ કુંડળીને તમે ઊંડાણથી નીરખો. મેં ભાગ્યે જ મૃત્યુકુંડળી વિષે લખ્યું છે. મૃત્યુની પળે શરીર નામશેષ બને છે. મનના પિંજરમાંથી આત્મા મુક્ત બને છે.

મૃત્યુ એ યમપાશ છે. ભલભલાને તે ભીંગ્વે છે. લગ્નમાં પ્લુટો અધ્યાત્મમાર્ગે હિમાલય ગયા. ત્યાંના દર્શનગ્રંથો લખ્યા. અચાનક મૃત્યુ દાખવે છે.

યોગ સાધનાના સોપાન ચઢતા ગયા. જેમજેમ યોગનો પંથ પ્રાપ્ત થતો ગયો તેમ તેમ પ્રાર્થનાનું પરિબળ વધતું ગયું.

મૃત્યુ સમયે ૯મો ભાવ મહત્વનો છે. તેના ઉપર ગુરુની સંપૂર્ણ દ્રષ્ટિ છે. પ.પૂ.યોગેશ્વરજીએ દેહ બદલ્યો છે. કાર્યસાધના ચાલુ રહેશે.



ઉપર કુંડલીના ગ્રહયોગો દર્શાવ્યા છે. તેમને તમે ચંદ્રથી જુઓ, સૂર્યથી જુઓ. જન્મલગ્નની કુંડલી આરંભબિંદુ છે. તેનો ‘પૂર્વાર્ધ’ ૫મો ભાવ છે, ‘ઉત્તરાર્ધ’ ૯મો ભાવ છે.

મારી પાસે એમની જન્મકુંડલી નથી. મળી શકે તેમ છે. પણ એની જરૂર નથી. તુલા લગ્ન એ તટસ્થાનું લગ્ન—લગ્નમાં શનિ ઉચ્ચનો છે.

ત્રીજે ગુરુ નેપચ્યુન છે. એ નવમાં સ્થાનને જુએ છે.

રાહુ ઉચ્ચનો છે. અષટમ સ્થાન મોક્ષનો ભાવ ગણાય છે. લગ્નની ૮મે રાહુ ઉચ્ચનો છે. સૂર્યથી ૮મે શનિ ઉચ્ચનો છે. ચંદ્રથી આઠમાં સ્થાનનો સ્વામી ઉચ્ચનો છે.

આઠમુ સ્થાન મોક્ષનું છે. રાહુ ભક્તિનો કારક છે. મંગળ કર્મયોગનો કારક છે. શનિ અધ્યાત્મનો—જ્ઞાનનો કારક છે. પ.પૂ.સ્વ.યોગેશ્વરજી ત્રણેય રીતે જીવી ગયા, જીતી ગયા અને એમની યાત્રા ચાલુ રહેશે.

દેવસ્થાનમાં મૃત્યુ, જીવનની અંતિમ પળ, કથા કહેતાં—કહેતાં બ્રહ્મલીન થવું. આવી સમાધિ કોને મળે? પાછળ લક્ષ્મીનારાયણની મૂર્તિ હોય. આગળ દરિદ્રનારાયણોની હાજરી ક્ષણે એમને પરમેશ્વરે યાદ કરે?

‘કર્યું, ઘણું કર્યું પણ હવે બીજું કરવા ઘણું બાકી છે. આવા સંદેશ સાથે એમનું ધબકતું હૃદય, શ્વાસ, વાણી, વાચા કમળની જેમ સંકોચાઇ ગયાં.’

કાદવમાં ઉગેલું કમળ આપણા હૃદયકમળના દ્વાર ખોલે છે. એને લાગે છે કે હવે એ ઉઘડવા શરૂ થયાં છે, ઉઘડ્યાં છે, ત્યારે એ બીજી અગત્યની જગ્યાએ ચાલ્યો જાય છે. કમળનો આત્મા એ યોગેશ્વરનો આત્મા.

સંસ્કૃતમાં 'પદ્‌મનાભ' શબ્દ છે. પદ્મમ કમળનો સૂચક પર્યાય છે. કમળ જેમના નયન છે. જે શાંત આકારમાળા છે.

એમનો સૂર્ય સમાધિ પળે શુક્ર અને બુધ વચ્ચે છે. આને હું બ્રાહ્મી સ્થિતિ કહું છું. પૂનમ કે અમાવસ્યાની આસપાસ આવા સંતો જન્મ લેતા હોય છે કે વિદાય લેતા હોય છે એ શરીરની વાત થઇ.

અષ્ટમી એટલે આઠમ કે નવમનું પણ તેવું મહત્ત્વ છે.

આત્મા અજર અને અમર છે. 'શસ્રો' છેદી શકે નહીં; અગ્નિ બાળી શકે નહીં, તેવો આતમા સહુમાં છે. પણ ઈશ્વર જેમને યોગી ગણે એમને ધન્ય પળે બોલાવી લે છે.

યોગેશ્વરજી આવ્યા, જીવ્યા અને જીત્યા. એ ગયા નથી. આજે પણ એમનો ચહેરો તરવરે છે. એ જ્ઞાનનો નિધિ મૂકી ગયા છે. ભક્તિનો સ્રોત વટાવી ગયા છે. જીવનસંદેશ આપી ગયા છે.

સમાધિનાં વિવિધ સ્વરૂપ છે. એમાંનું એક આ સ્વરૂપ તમે વર્તમાનપત્રમાં વાંચ્યું. લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે. આ વાત ભૂલાઇ જશે. એકવાત હું કદી ભૂલી નહીં શકું, એ ચિરવિદાયની પળે ક્ષણજીવી હું ત્યાં ન હતો. વર્તમાનપત્રોમાં વાંચ્યું ત્યારે ખબર પડી કે મારી મર્યાદાઓ કેટલી છે.

આજેય એ મંદિરમાં તમે જશો તો સદૈવ સ્મિતધારી લક્ષ્મીનારાયણના ચહેરામાં તમને યોગેશ્વરનું સ્મિત જોવા મળશે. ન મળે તો મને કોશજો.

એકવાર એમને હું મળ્યો હતો. અમે એકબીજાને એકબીજાના પુસ્તકો આપ્યાં. મેં કહ્યું, ''તમારા હાથની રેખા જોઉં?''



''જરૂર.''

હું એમની રેખા જોવામાં સંલગ્ન થઇ લીન હતો. ત્યારે તેઓ મારા લલાટની રેખા જોતા હતા.

હું કંઇક અચકાતો હતો; એ જ એમનું સ્મિત. 'તમારે અર્થઘટન કરવાની જરૂર નથી. મારું કામ હું પૂરું કરીને જ જઇશ. પણ તમારે હજુ ઘણું ઘણું નવું કરવાનું છે. તમારે સિદ્ધિના સોપાનો ચઢવાનાં છે.'

ત્યારે મે એ આશીર્વાદનો સાંભળેલો તેનો અર્થ આજે સમજાય છે. જ્યોતિષીએ અક્ષુણ્ણ દિશામાં પ્રસ્થાન માંડવાના હોય છે.

એમની અંતિમ પળની કુંડળીનો નકશો દોરવાનું મારા ભાગ્યમાં લખાયેલું હશે એ મેં કલ્પ્યું નહોતું. યોગેશ્વરજી તો સર્વજ્ઞ હતા. એમણે મારી લલાટ રેખાઓમાં કદાચ એ જોયું હશે.

રામકૃષ્ણ પરમહંસ, અરવિંદ, રમણ મહર્ષિ, સાંઇ, મહેરબાબા બધાની સમાધિની તિથિ ઘડી પળ એકઠા કરીએ. સાદો માનવી સુકર્મોને લઇ મહામાનવ નવા જન્મમાં બની શકે. મહામાનવ કર્મોને લઇ રૌરવ નર્કની યાતના ભોગવે.

જ્યારે યોગેશ્વર જેવા અનંતયાત્રી (નિત્યત્રઃ નિયં ગચ્છતિ) જવા આધ્યાત્મિક યાત્રા સાધતા રહે. સમાધિની પળ દુન્યવી દૃષ્ટિએ ભલે દુઃખદ હોય પણ અધ્યાત્મયાત્રીની યાત્રાના યાત્રિક માટે એ અનન્ય બની રહે છે.

# પૂ.મા સંગાથેની સૌરાષ્ટ્ર યાત્રાની નોંધ

—મયૂરી ટેલર

પૂ.માની કૃપાથી આ યાત્રાનું આયોજન થયું. ૧૬ જાન્યુ. એ વડોદરાથી એક બસે યાત્રા માટે પ્રસ્થાન કર્યું. રાજકોટથી જ સૌરાષ્ટ્રની યાત્રા પ્રારંભ પામવાની હતી. વળી, રાજકોટમાં સત્સંગનું પણ આયોજન હતું.

પૂ.મા બિરાજ્યા, ધૂન—ભજનો ગવાયાં. ત્યારબાદ માએ સ્લેટમાં લખ્યું—

—આજે સૌની ધીરજની કસોટી થઈ.

—તમે સૌ પ્રેમથી દૂર દૂરથી અહીં આવ્યા છો.

—મહાપુરુષની વાણીનો પ્રસાદ જાણી.

—મહાપુરુષના જીવનની કેટલીક વાતો જાણી.

—જેને જેને જે સંતપુરુષો જીવનમાં મળ્યા તે તે સંતપુરુષમાં આપણી શ્રદ્ધા—ભક્તિ દૃઢ કરવાની છે.

—અમે પૂ.શ્રીનું પ્રવચન ૧૯૭૦ માં સાંભળ્યું.

—આજે કેટલાબધાં વર્ષ થઈ ગયાં!

—જેવી—જેની—જેટલી શ્રદ્ધા તેવા તે સમર્થ સંતો આપણને સહાયક થતા હોય છે.

—આ જીવન તે જ ચલાવે છે.

—સર્વદિશાથી તે જ સંભાળે છે.

—આપણે સૌ નિત્ય નવી શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને પ્રાર્થના કે મંત્રજપ, પાઠ પારાયણ જેવા અનેક સાધનોથી આગળ વધતાં રહીએ એવી પ્રાર્થના.



—તમે સૌ આમંત્રણને માન આપીને પધાર્યા તો તમને સૌને ધન્યવાદ. (રાજકોટના ભક્તસમુદાય માટે)

—અમારે તો આવતીકાલે યાત્રા માટે પ્રસ્થાન કરવાનું છે.

—અહીં તમે સૌ આવ્યા, તો સંતવાણીનો પ્રસાદ પામ્યા, ને વળી હોલ છોડશો, ત્યારે પણ પ્રસાદ મળશે. (હાસ્ય)

યાત્રાનો પ્રથમ દિવસ તારીખ ૧૭/૦૧/૨૦૧૫ રાજકોટથી સવારે ૮.૦૦ વાગ્યે ખોરાસા જવા માટે પ્રયાણ. રસ્તામાં ધૂન, બાવની, નિત્યપ્રાર્થના વગેરે દ્વારા મા પ્રભુનું સ્મરણ રહ્યું. રસ્તામાં વિરપૂરનું પવિત્ર સ્થાન આવ્યું. ત્યાં દર્શન સારી રીતે થઈ શક્યાં. જલારામ બાપાની સમાધિ સ્થાનના પણ દર્શન કર્યાં. ખોરાસા જવા માટે પ્રયાણ કર્યું. બપોરના સમયે ખોરાસા પહોંચ્યા તો ગામના લોકોનો ઉત્સાહ જોવા મળ્યો. દરેકના અંતરમાં આજે આનંદ છે, ઉત્સાહ છે, પ્રેમ છે. મા પધારવાનાં છે. એટલે સૌ આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં છે. ઢોલ—નગારા સાથે ગરબા ગવાય છે. સૌ ગ્રામજનો માની પધરામણી માટે અધીરા થઈ રહ્યાં છે અને સૌની આતુરતાનો અંત ત્યારે જ આવ્યો કે જ્યારે પૂ.મા પધાર્યાં. બહેનોએ કળશ લઈને સ્વાગત કર્યું સ્વાગતનાં ગીતો—ભજનો ગવાયાં.

માએ લખ્યું

—ઘણાંબધાં વર્ષો પહેલાં પૂ.શ્રી સાથે પધારેલાં.

—ત્યારપછી આ ધરતી ઉપર શ્રી સોમનાથજીની કૃપાથી આજે આવવાનું બન્યું છે.

—તમારા સૌનો પ્રેમભાવ તમે પાદરે આવીને વ્યક્ત કર્યો.

—એક સંતપુરુષને એક ભક્તે પૂછ્યું, કે આ રીતે ગામમાં (સંત) આવે તો શું લાભ?

—તે સંતપુરુષે તેમને કહ્યું,

"૧, આવીએ એટલે ગામની સફાઈ થાય

૨, વેરભાવ ઓછો થાય, પ્રેમ અને સંપ વધે

૩, સારી સત્સંગની વાતો સાંભળવા મળે. અને બીજા તો અનેક ફાયદા પ્રસાદના અને ભજનના તો હોય જ ને!"

—એટલે દરેક પોતાની રીતે સેવા કરે છે.

—જેમ લાલ લાઈટ હોય તો બધી જ ગાડી ઉભી રહે.

—તે બોલતી નથી, માત્ર રંગ કે લાઈટથી જ ઊભી રહી જાય છે.

—ગામમાં બે પરિવાર ઝઘડતાં હોય, અને જો વડિલ આવીને ઉભા રહે તો બંને શાંત થઈ જાય છે.

—પહેલાના જમાનામાં એવી આમાન્યા હતી, શિષ્ટાચાર હતો.

—હવે એ બધું ભૂંસાતું જાય છે.

—ભારતની સંસ્કૃતિનો થોડો ઘણો અંશ પણ હજી ગામડાઓમાં જીવંત છે.

—અહીં પણ પ્રેમ અને સંપનું દર્શન તમે સૌએ આજે કરાવ્યું.

—આવો પ્રેમ અને સંપ જીવનભર ટકી રહે તો કેવું ઉત્તમ?

—આપણે સૌ તો ખેડૂતના બાળકો એટલે ગામડું જ આપણને સ્વર્ગ જેવું લાગતું હોય છે. એટલે એવા સ્વર્ગમાં પ્રેમ અને સંપ વધતા રહે.

—શ્રી કલ્યાણજીના મુખે સત્સંગની વાતો મળતી રહે તો તો સૌને અહીં જ રહેવાનું ગમે જ ને!

—અમે ૧૯૯૨ માં દશરથાચલ પર્તતની પદયાત્રાકરી તો તે ગામનાં ઘણાંબધાં લોકોએ રસ્તે આવી આવીને અજાણ્યાં, છતાં



આગ્રહ કરતાં જાય કે પાણી પીને જાવ, ભોજન લઈને જાવ...એવો એક પ્રેમ!..

—ત્યારે રામાયણ કાળમાં ભગવાન શ્રી રામનો વનવાસ અને વનવાસી ભાઈબેનોનો પ્રેમ રામાયણમાં લખે છે તે સત્ય જ હશે.

—અહીં પણ એવો જ પ્રેમ વધતો રહે એવી પ્રાર્થના.

—જે પાદરે સંકીર્તન ના કરી શક્યા તે ઘરઆંગણે રાસ–ગરબા જે લેવું હોય તે લઈ શકે છે.

**(ક્રમશઃ)**

## સ્નેહ વચન

**सखिव साहजिकं प्रेम दूरादपि विराजते ।**
**चकोरी नयनद्वन्द्वमानन्दयति चन्द्रमाः ॥**

હે સખી! જે પ્રેમ કુદરતી હોય છે તે તો દૂરથી પણ શોભી ઉઠે છે, ચંદ્રમા, ચકોર પક્ષીનાં બંને નેત્રોને આનંદ આપે છે.

**केन्दोर्मण्डलमम्बुधिः क य रविः पद्माकरः कः स्थितः**
**का भ्राः सन्ति मयूरपडरमला कालिः क वा मालती**
**हारः क स्थितहंस वृन्दममलं केदं सरो मानसं**
**यो यस्याभिमतः स तस्य निकटे दूरेऽपि सन्वाल्लभः ॥**

ચંદ્રનું મંડળ ક્યાં અને સમુદ્ર ક્યાં? સૂર્ય ક્યાં અને કમળોનો સમૂહ ક્યાં? મેઘની ઘટાઓ ક્યાં અને મોરની નિર્મળ પંક્તિઓ ક્યાં? ભ્રમરો ક્યાં અને માલતીના ફૂલોની હાર ક્યાં? હંસનું નિર્મળ ટોળું ક્યાં અને માન સરોવર ક્યાં? આ બધા પદાર્થો એકમેકથી દૂર રહેલા છે છતાં પણ જેને જે પ્રીતથી પોતાનું લાગે છે તે દૂર હોવા છતાં પણ નિકટ રહેલું અને પ્રિય લાગે છે.

# પ્રેરક પ્રસંગો મહાત્મા શ્રી રણછોડદાસજીના

–દમયંતી સેજપાલ
–સંક્ષેપ : પરમાર્થી

### પર ઉપદેશ કુશલ બહુતેરે

અમે ત્યારે અનંતપુરમાં હતા. ઈ.સ.૧૯૬૮ની સાલ ચાલે. માઘમાસની મહાશિવરાત્રીને દિવસે ભગવાન પશુપતિનાથના ધામમાં નેપાળ જવાનો પ્રોગામ નક્કી થયો. પૂજ્યશ્રી આગલા દિવસે જ શ્રીદ્વારકાજીની યાત્રાએથી પાછા ફર્યા હતા. એ થાક હજુ ઊતર્યો ન હતો. નરમ સ્વાસ્થ્ય, શ્વાસ, ઉધરસ કે તાવ એમના આ સંકલ્પને ડગાવી ન શક્યાં. મારા પર પરમ અનુગ્રહ કરીને મને પણ સાથે આવવા સંમતિ આપી.

'હરી જીપ' નામે ઓળખાતા ને એમના જ અંગત ઉપયોગ માટે રહેતા સ્ટેશન વેગનમાં નીકળવાનું નક્કી કર્યું. મેં ઝટપટ સામાન બાંધી લીધો ને રસોઈની તૈયારી કરવા માંડી. ત્યાં થોડીવારમાં એક દેહાતી ભાઈ સમાચાર લાવ્યો કે તમારે હવે બસમાં જવાનું છે ને મહારાજશ્રીએ કહેવડાવ્યું છે કે સામાન બહુ જ ઓછો લેવાનો છે. પૂજ્યશ્રી રમેશભૈયાને ત્યાં હતા. તેથી પ્રોગામમાં એકદમ ફેરફાર શા કારણે થયો તે ન સમજાયું. તપાસ કરાવતાં ખબર પડી કે, ગામમાં એક અતિ સાધારણ સ્થિતિનો રોગી ગંભીર હાલતામાં પડ્યો છે. ને એને વિદિશાની હોસ્પિટલમાં પહોંચાડવા માટે સ્ટેશન વેગન હમણાં જ રવાના થવાનું છે.



અનંતપુર માંડ દોઢ બે હજારની વસ્તીવાળું ગામ. ગામમાં સારું દવાખાનું પણ ન મળે. દર્દીની હાલત ગંભીર હતી. બસમાં લઈ જવાય તેમ નહોતું; એટલી રાહ જોવાય એમ પણ નહોતું. વાત પૂજ્યશ્રી પાસે પહોંચતાં એમણે તરત જ સ્ટેશન વેગનમાં દર્દીને વિદિશાની, નજીકના ગામની હોસ્પિટલમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી આપી.

હું મૂંઝાઈ ગઈ. છેક કાઠમુંડ સુધી સ્ટેશન વેગનમાં અમારે જવાનું હતું. ટ્રેનમાં પાણી પણ ન પિવાય એવો એમનો નિયમ. એક દિવસ પણ મોડું કરવું પાલવે એમ નહોતું. હું વિચારી રહી, 'પોતાના જ અંગત ઉપયોગ માટે રહેતું ખાસ સાધન વાપરવાનો ખરો સમય આવે ત્યારે, વેદનાથી તરફડતા રોગી માટે પરમ દિલાસા સમા બની જઈ, પોતાની સગવડને સ્વેચ્છાએ ત્યાગનાર શ્રીગુરુદેવ સિવાય બીજું કોઈ હોઈ શકે ખરું?'

અમે અનંતપુરથી ગુના સુધી બસમાં ગયાં. સાથે કન્હૈયાને લીધો. ગુનાની ટ્રેનની મુસાફરી શરૂ થઈ. રસ્તામાં ત્રણેક વાર ટ્રેન બદલવી પડી. શિયાળાની રાત જેવાં એ લાંબા લાંબા પ્લેટફોર્મ જોઈને મને કંપારી છૂટી ગઈ. પૂજ્યશ્રીને વધુ પડતું ચાલવાથી નરમ તબિયતને કારણે શ્વાસ ન ચડે એ માટે મેં કુલીને પૈંડાવાળી ખુરશી લાવવા કહ્યું. એમણે સાંભળ્યું ને મક્કમતાપૂર્વક કુલીને કહી દીધું 'કુસી' નહીં ચાહિયે. પછી મારી તરફ ફર્યા. એમની દૃષ્ટિમાં પૈસાનો દુર્વ્યય થતો હોવાનું દુઃખ કે પોતાને ન ઓળખી શકવાનો ઉપાલંભ. ન જાણે શું શું ભર્યું હતું? કંઈપણ બોલ્યા વગર ધીરે ધીરે ચાલીને એમણે એ બધા પ્લેટફોર્મ ઓળંગ્યા : કાનપુર આવતાં બચુભાઈ પણ એ યાત્રામાં ભળ્યા.

હિંદુસ્તાનની હદ ઓળંગી અમે બીરગંજ પહોંચ્યા. અમારી પાસે પૂરતા પ્રમાણમાં પૈસા હતા. બાકી હોય તેમ નેપાળ સરકારે ૧૦૦ રૂપિયાની નોટના ૧૩૫ રૂપિયા આપ્યા. તેથી ત્યાં પણ પૂજ્યશ્રીએ જો મક્કમતાપૂર્વક ના ન પાડી હોત તો અમે કોઇ આરામદાયક ટેક્સી ભાડેથી લીધી હોત? પરંતુ ત્યાંય એમની સાધુવૃત્તિ અને પૈસાનો દુર્વ્યય ન થાય તેની કાળજીએ અમને અવશ બનાવી મૂક્યા. બીરગંજથી કાઠમંડુ લગભગ ૧૦૦ માઇલ છે. બસમાં ચિક્કાર ગિરદી હતી. બસ, ટ્રક, ટેકસી, જે સાધન મળે તેમાં લોકો કાઠમાંડુ તરફ જઇ રહ્યાં હતાં. દરેકના ચહેરા પર આનંદ અને મોઢામાં ભગવાન પશુપતિનાથનો જયજયકાર હતો.

રાતની બસમાં અમે બીરગંજથી નીકળ્યાં. અમારી એક પણ વિનંતી, આગ્રહ કે હઠાગ્રહ કામયાબ ન નીવડ્યાં. અમ રજોગુણી ભક્તોની ઠાઠમાઠભરી, સુખસગવડને જ નજર સમક્ષ રાખતી ભક્તિને વશ બનતા શ્રી ગુરુદેવના મન પર એ વૃત્તિ લેશમાત્ર પણ કાબૂ મેળવી શકી નહોતી એ ત્યારે સ્પષ્ટ સમજાયું. ભક્ત જનોના આનંદ ખાતર તેઓ સુખસગવડને ભોગવતા હતા. સુખસગવડ એમને ભોગવી શક્યાં નહોતાં. ને એટલે જ સંસારનાં સર્વશ્રેષ્ઠ સાધનો વચ્ચે રહેવા છતાં એ સત્ત્વગુણી સંતપુરુષ બધાંથી જલકમલવત્ નિર્લેપ રહી શક્યા.

બસમાં ચડતી વખતે પૂજ્યશ્રીની સેવામાં તત્પર રહેતી ધનિક ભક્તોની આલિશાન મહેલાતો અને ચમકતી મોટરોની કતાર પળવાર માટે મારી નજર આગળથી પસાર થઇ ગયાં. બીરગંજની એ વિશાળકાય બસ પાસે બધાંજ જાણે વામણાં લાગતાં હતાં! રજોગુણી વૃત્તિ પર સત્ત્વગુણી વૃત્તિનો એ વિજય હતો.



આખી રાત મુસાફરી કરીને મહાશિવરાત્રીને દિવસે સવારે અમે કાઠમંડુ પહોંચ્યા. કાઠમાંડુથી ભગવાન પશુપતિનાથનું મંદિર લગભગ ત્રણ માઇલ દૂર છે. મંદિરને અડીને જ વિષ્ણુમતી નદી વહે છે. મંદિર નજીક તો જાણે માનવમહેરામણ ઊભર્યો હતો. કિનારા નજીક એક ઝાડ નીચે મેં એમને માટે ગડી વાળીને કંબલ પાથર્યું અને ઓઢવા માટે શાલ મૂકી. સ્નાનવિધિથી પરવારીને તે કંબલ પર બેઠા. અમારે માટે આજ્ઞા થઇ : 'મૈં યહાં થોડી દેર અકેલા બૈઠ કર અપના કામ કરુંગા તુમ લોગ નદીમેં સ્નાન કર આઓ.'

હું પાછી ફરી ત્યારે ધાબડો અને શાલ અદશ્ય બની ગયાં હતાં : 'જી, કંબલ અને શીલ...' આટલું જ હું બોલી શકી. જવાબમાં દીનદયાળું હસ્યા : 'જીસ કો જરૂરત થી વહ લે ગયા.' મારા પ્રશ્નનો આટલો જ જવાબ હતો.

મહા મહિનાની નેપાળની કાતિલ ઠંડી! મને કંપારી છૂટી ગઇ. જરૂર હોઇ દીનહીન ઠંડીથી થરથરતા અનાથે એમના ચિત્તનો કબજો લઇ લીધો હોવો જોઇએ. અત્યારે એ જીવ પૂજ્યશ્રીની કૃપા પ્રસાદી જેવાં શાલ–ધાબળાંની હૂંફમાં સુખાનુભવ કરતો હશે.

આ યાત્રા વિસ્મયોની પરંપરા સર્જવા માટે જ જાણે નિર્મિત થઇ હતી. પૂજયશ્રી સાથે હું મંદિરે ગઇ. ભગવાન પશુપતિનાથ મહાદેવનાં દર્શન માટે નાખી નજર ન પહોંચે એટલી કતાર હતી. તેઓ શાંતિથી મંદિરના ઓટલા પર બિરાજ્યા. મંદિરની બહાર ચારે બાજુ અનેક સંપ્રાદાયોના સંતમહાત્માઓ જુદા જુદા વેશ અને તિલક કરીને બેઠા હતા. હું સાવ નિરાશ થઇ ગઇ. અરે રામ! પૂરા ત્રણ કલાક સુધી આ કતારમાં ઊભા રહીએ તોય દર્શન થાય કે કેમ તે એક સવાલ. હવે શું થશે? પળવાર માટે

શ્રદ્ધા ડગી ગઈ. પરંતુ બે મિનિટની અંદર જ સ્કાઉટનો ગણવેશધારી એક છોકરો પૂજ્ય શ્રી પાસે આવ્યો : 'ચલિયે બાબા! આપકો દર્શન કરના હૈ ન?' પ્રેમથી હાથ પકડીને એણે પૂજ્યશ્રીને ઉઠાડ્યા. સ્વયં મહાદેવજી જ પૂજ્યશ્રીને મળવા અધીરા બની ગયા હતા!

એ છોકરો અમને છેક મંદિરના ગર્ભદ્વાર સુધી લઈ ગયો. એમણે ભાવભર્યે હૃદયે જમીનને માંથુ લગાડી મહાદેવજીને પ્રણામ કર્યા. એ મહાદેવજી ને વંદી રહ્યાં ને હું મારા શંકર સ્વરૂપ શ્રી ગુરુદેવને નમી રહી. દૂર રહીને પણ હું દર્શન પામી શકત કે કેમ તે એક સવાલ હતો. પરંતુ પવનની જો કૃપાદૃષ્ટિ થાય તો ધરતીની ધૂળ પણ આકાશે ચડી શકે ખરી. એમના થકી જ મને આ અમૂલ્ય અવસર સાંપડ્યો તેથી મારું મન પ્રથમ એમને અને પછી ભોળાનાથને વંદી રહ્યું.

બીજે દિવસે કહે : 'દેખો બચુભાઈ, અપને લોગ તીર્થધામ મેં આપે હૈ. તીર્થ મેં દાન અવશ્ય કરના ચાહિયે. અપને પાસ બહુત રૂપયે પડે હૈ. મંદિર મેં જો મહાત્મા લોગ બૈઠે હૈ, ઉનક ઔર ગાંવભર મેં જિતને દરિદ્રનારાયણ હો ઉન સબકો ભોજન કા નિમંત્રણ દે આઓ.' મહાત્માઓએ દહીં પૌંઆ ને સાકર ખાવાનું પસંદ કર્યું. દરિદ્રનારાયણો માટે બજારમાંથી પૂરી શાક અને મીઠાઈ આવ્યાં. થોડીવારમાં તો ઉતારા નીચે માણસો ઊભરાવા લાગ્યાં. વ્યવસ્થિત રીતે બધા હારબંધ બેસી ગયાં. પૂજ્યશ્રી જાતે પીરસવા ઊઠ્યા. ભોજન શરૂ થયું.

એ દૃશ્ય અનુપમ હતું.

અચાનક હાથમાં મીઠાઈ ભરેલી છાબડી સહિત તેઓ ક્ષણવાર માટે મારી પાસે પધાર્યા. કહ્યું : 'ઈસ આનંદ કી



બરાબરી તેરી વહ પહિયેવાલી કુર્સી કર સકતા હૈ ક્યા? કુર્સી મેં બેઠકર મુઝે જિતના સુખ નહીં મિલતા ઉતના અભી સબકો આનંદ સે ભોજન કરતે દેખકર મિલ રહા હૈ.'

એમણે ખુરશી મંગાવવાની પ્લેટફોર્મ પર ના પાડેલી ત્યારે મારું મોઢું લેવાઈ ગયું હતું એ વાત એમની ચકોર દૃષ્ટિની બહાર રહી શકી નહોતી. એટલે જ એ બનાવને યાદ કરી તેઓ વાસ્તવિક દાખલા સાથે સમજાવવા માગતા હતા કે સાચો આનંદ બીજાને સુખ આપવામાં છે, જાતે સુખ ભોગવવામાં નથી.

સાદા સુતરાઉ, સફેદ અંચલાનો કછોટો મારી એ ઝડપભેર પંગતમાં પીરસી રહ્યા હતા. ચારે બાજુથી લોકો હર્ષાવેશમાં બોલતા હતા : 'બાબા? મઠાઈ ઈધર ચાહિયે. બહનજી હમેં પૂરી દો. બાબુજી? થોડી શક્કર ઔર દે દો.' એ મીઠાઈ, પૂરી શાક ને દહીંપૌંઆમાં કોઈક સુવર્ણાક્ષરે લખી રહ્યું હતું : 'ધનકી તીન ગતિ:'

'દાન, ભોગ ઔર નાશ.'

અવારનવાર શ્રી મુખ દ્વારા ઉચ્ચારાયેલાં આ ઉપદેશાત્મક વાક્યો વર્તનમાં પણ એવાં જ સત્ય સાબિત થઈ ચૂક્યાં. જેવા વિચાર તેવા જ એમના આચાર. પૂજ્ય શ્રી કહેતા : 'દાન સદૈવ કલ્યાણકારક હૈ, ઉસે ચાહે ઈશ્વર કે નામ કરો, ચાહે દયા કે નામ, ચાહે માનવ સભ્યતા કી વેદી પર કરો. જો દાન નહીં કરતા હૈ, ભોગવિલાસ મેં ભી ખર્ચ નહીં કરતા હૈ, ઉસકે ધન કી તીસરી ગતિ હોતી હૈ.'

અને આશીર્વાદ પણ એવા સંતપુરુષના જ ફળે છે કે જેની 'કથની' અને 'કરણી'માં ભેદભાવ નથી હોતો?

# આધ્યાત્મિક ધ્યેયની કેટલી પૂર્તિ થઈ તે તો વાચકો નક્કી કરે

—તંત્રી

આ વર્ષે ફેબ્રુઆરીમાં અધ્યાત્મ માસિકના માર્ચના અંકનું મેટર ગોઠવવાનું મનમાં ચાલતું હતું એ વખતે સ્મૃતિમાં હતું કે માર્ચ મહિનો પૂ.શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયનો મહિનો છે. આજથી ૩૧ વર્ષ પહેલાં ૧૯૮૪ના માર્ચની ૧૮ તારીખે પૂ.શ્રીએ વિદાય લીધી. એટલે પૂ.શ્રીની પુણ્ય સ્મૃતિમાં થોડુંક વિશેષ માસિકમાં મૂકાય તો તે યથાર્થ કહેવાય. પણ કયું લખાણ એમના વિરાટ વાઙ્મયમાંથી મૂકવું તે નક્કી કરી શક્યો ન હતો.

ત્યાંજ જાણે પૂ.માને અમારી માનસિક દ્વિધા પહોંચી ગઈ. તેઓએ અમદાવાદના નિવાસ દરમ્યાન સત્યપથમાં તે દિવસો દરમ્યાન પૂ.શ્રી ઉપર જે કેટલાંક સાહિત્યકારોએ લખેલ લેખો મળેલ તે આંગડિયાથી મોકલાવી આપ્યા. અમને સરસ ભાથુ મળી ગયું. થોડી હાશ પણ થઈ.

એ લખાણોમાં પ્રો. શ્રી જયંત પાઠક, ડૉ. રણજીત પટેલ (અનામી સાહેબ), શ્રી પરમાર્થી અને ડૉ. અરુણા ઠાકરના લેખો હતા; જે અપ્રસિદ્ધ હતા અને પૂ.શ્રીને અંજલિરૂપ હતા. તેથી પહેલા ત્રણના લેખો અમે માર્ચના અંકમાં સમાવી શકયા છીએ, જે પૂ.શ્રીને સ્મરણાંજલિરૂપ છે.

આ ઉપરાંત એક બીજ વાત પણ પૂ.શ્રીએ માસિકનું કામ



સોંપતી વખતે કહેલું કે ‘‘કદી પણ એવું ના માનતા કે મારું છે તે જ સારું છે, જગતમાં જેટલું સારું છે તે મારું છે. એવો ઉદાર દૃષ્ટિકોણ રાખજો.’’

માસિકના પ્રકાશન પાછળનો તેઓનો બીજો ઉદ્દેશ પણ સ્પષ્ટ હતો. લોકોને સાચી આધ્યાત્મિકતા અંગેની સમજ પૂરી પાડવી ને ભણેલા વર્ગને ઈશ્વરાભિમુખ કરવો જેથી સમાજનું ઉત્થાન થાય ને સમજુ લોકો સાધના પરાયણ બને.

એક નાનું માસિક તો આટલા મોટા વિશાળ ઉદ્દેશની કેટલી પૂરતી કરી શકે? છતાં છેલ્લાં ૩૭ વર્ષોમાં તે માટે અધ્યાત્મ દ્વારા, અમારી સૂઝ ને શક્તિ પ્રમાણે પ્રયાસ કરતા રહ્યાં છીએ. ખબર નથી કે એ ઉદ્દેશની પૂરતી કેટલા અંશે થઈ? તે તો વાંચકો જ નક્કી કરી શકે.

પરમ પૂ.માની મમતાભરી સહાય ને માર્ગદર્શન વગર આટલા લાંબા ગાળા સુધી અમે આ કામ ન જ કરી શક્યા હોત, તે માટે અમે તેઓના ઋણી અને અહેસાનમંદ છીએ. વળી વિદેશ અને ભારતના અધ્યાત્મના શુભેચ્છકોએ પણ ખૂબ ઉદારદિલે પૂ.માની પ્રેરણાથી કલ્પી પણ ના શકાય તેવી ને તેટલી આર્થિક સહાય પહોંચાડી છે, ને પહોંચાડી રહ્યા છે. તે બદલ અધ્યાત્મ પરિવાર તેમનો ઋણી છે ને રહેશે, તે સિવાય અધ્યાત્મને આટલા ઓછા લવાજમથી લોકો સુધી પહોંચડાવાનું શક્ય જ ન બન્યું હોત.

# નિવૃત્તિકાળને આનંદમય બનાવવાનાં સૂત્રો

—જ્યોતિબહેન થાનકી

**હટી જાઓ :—**

હટી જવું એટલે ચેતનાની જે સ્થિતિમાં હોઇએ, તેનાથી ઉપર ચાલ્યા જવું કે અંતરના ઊંડાણમાં ચાલ્યા જવું. પણ જે સ્થિતિમાં હોઇએ એ સપાટી ઉપર ચીટકી ન રહેવું. સામાન્ય રીતે જ્યારે કુટુંબ—પરિવારમાં રહેવાનું સતત થાય, સામૂહિક જીવનમાં રહેવાનું થાય ત્યારે મતભેદ, બોલાચાલી, મનુદુઃખ અને સંઘર્ષના પ્રસંગો બનતા રહે છે. ક્યારેક તો નાની એવી બાબતમાં મોટો ઝઘડો થઇ જાય છે. અને સંબંધોમાં તિરાડ પડી જાય છે. ક્યારેક કોઇ ગુસ્સે થઇને ન બોલવાના શબ્દો બોલી બેસે અને તેની પ્રતિક્રિયા રૂપે વડીલ પણ ઉગ્ર થઇ શબ્દ પ્રહારો કરે તો પછી તેમાંથી વડીલોને વૃદ્ધાશ્રમ જવાની નોબત આવી જાય છે. આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે શ્રી માતાજીએ આપેલું સૂત્ર—'હટી જતાં શીખો'—નું પાલન કરવું જોઇએ. હટી જવું એટલે પરિસ્થિતિથી અલગ થઇ જવું. અંતરમાં ચાલ્યા જવું. અંતરના ઊંડાણમાં શાંતિ, પ્રેમ, સંવાદિતા રહેલાં છે. ત્યાં થોડી ક્ષણો ડૂબકી લગાવી દેવી. શ્રી માતાજી કહે છે કે પછી જ્યારે તમે સપાટી ઉપર આવશો ત્યારે તમારી ચેતનાની સ્થિતિ બદલાઇ ગઇ હશે. હવે તમારી પ્રતિક્રિયાઓ શમી ગઇ હશે. તમારી અંદર શાંતિ સ્થપાઇ ગઇ હશે તેથી બહારની પરિસ્થિતિનું જોર ઓછું થઇ જશે. તમે કોઇ પ્રતિક્રિયા નહીં આપો. એટલે સામી વ્યક્તિ પણ શાંત થઇ જશે. પરિસ્થિતિ કાબૂમાં આવી જશે. એટલું જ નહીં પણ તમારી અંદરથી આવેલા શાંતિના અને સંવાદિતાના આંદોલનોની અસર સામેની વ્યક્તિ ઉપર થતાં તેનો રોષ પણ શમી જશે. આથી કોઇ ગુસ્સો કરે, ખરાબ બોલે, ત્યારે બહારની પરિસ્થિતિથી હટી જવું, એ ઉત્તમ ઉપાય છે.



આ ઉપરાંત પણ કોઇ પણ પ્રકારનો નિર્ણય લેવો હોય તો પણ જલ્દીથી ઉતાવળે નિર્ણય લેવો નહીં કે કોઇ અભિપ્રાય આપવો નહીં. અંતરને પૂછ્યા વગર કંઇ કરવું નહીં. અંતરમાંથી જવાબ ચોક્કસ મળે છે. પણ તેના માટે રાહ જોવી પડે છે. શાંતિ અને ધીરજ રાખવાં પડે છે. પરંતુ ઘણીવાર આ જવાબો આપણા મનને ન રૂચે તેવા હોય છે. ત્યારે મન અનેક બહાના બતાવી એ જવાબનો અસ્વીકાર કરવા આપણને સમજાવે છે. પણ જેઓ જાગૃત છે. અંતરમાં શાંત અને સ્થિર છે, તેઓ મનના બહાનાંઓથી છેતરાતા નથી. એ પ્રમાણે કરવાથી અનેક મુશ્કેલીઓમાંથી બચી જવાય છે અને જીવન ઘણું જ સરળ અને સંવાદીતાભર્યું બની જાય છે.

**'સ્વ' ને ઓળખો :—**

'સ્વ' ને ઓળખવું એટલે પોતાના સાચા સ્વરૂપને જાણવું. પોતાનું સાચું સ્વરૂપ એટલે અંતરમાં રહેલો પરમાત્માનો દિવ્ય અંશ. જે આપણા સમગ્ર અસ્તિત્વનો આધાર છે. ચાલક છે. શક્તિ છે. પ્રેમ, જ્ઞાન, સત્ય સંવાદિતા એ તેનાં લક્ષણ છે. અત્યાર સુધી તો જીવનની અવિરત દોડધામમાં એના તરફ બિલકુલ ધ્યાન ગયું જ ન હતું. પણ હવે નિવૃત્તિમાં ખરેખર તો કરવાનું સાચું કામ તો એને જ ઓળખવાનું છે. આપણે કોણ છીએ, પૃથ્વી ઉપર આપણે શા માટે આવ્યાં છીએ. મનુષ્ય જીવનનો ઉદ્દેશ શો છે? આ બધા પ્રશ્નોનો ઉકેલ તો ખરેખર જીવનની સમજ આવે ત્યારે શરૂઆતમાં જ મેળવી લેવો જોઇએ. એ પછી જ સાચી રીતે જીવન જીવવાનો આનંદ મળે. પણ યુવાનીમાં કાર્યગતિનો વેગ એટલો પ્રચંડ હોય છે કે ત્યારે

આવા કોઈ પ્રશ્નો ઉદ્ભવતા નથી અને પ્રસંગોપાત ઉદ્ભવે તો તેના ઉપર ધ્યાન આપી શકાતું નથી. પરંતુ હવે 'સ્વ' તરફ ધ્યાન કેન્દ્રિત થવાથી બહારની દુનિયાની સમસ્યાઓ આપોઆપ ઓછી થવા લાગશે અને જેમ જેમ 'સ્વ' સાથે એકરૂપતા દૃઢ થતી જશે તેમ તેમ શાંતિ, સ્થિરતા, સમતા, વિશાળતા, પ્રેમ, ઊંડી સમજ ને જ્ઞાન આપોઆપ હૃદયમાંથી જાગી ઊઠશે. કારણ કે આ બધું જ આપણા 'સ્વ' ની અંદર જ રહેલું છે. 'સ્વ' ની પ્રાપ્તિ માટે સદ્ગુરુનું માર્ગદર્શન મળી શકે તો ઉત્તમ. નહીંતર અંતરમાં રહેલા એ જગદ્ગુરુ પરમાત્માનું સીધું માર્ગદર્શન પણ મેળવી શકાય છે. તીવ્રભાવે પરમાત્માને પ્રાર્થના કરવાથી કે "અંતરમાં રહેલા હે પ્રભુ તમે જાગૃત થાઓ. તમને મળવાનો રસ્તો તમે જ બતાવો." પૂર્ણ એકાગ્રતાથી આવી પ્રાર્થના કરતાં હૃદયનું દ્વાર અવશ્ય ખૂલે છે. પરમાત્મા પોતે જ પોતાની સમીપ લાવી દે છે. શ્રી માતાજી કહે છે કે તમે "એકાગ્રતાથી, તીવ્રતાથી અને સાચા દિલથી આ માટે પ્રયત્ન કરો તો પરિણામ ચોક્કસ આવે જ છે." અને એક વાર મનુષ્ય પોતાના સાચા સ્વરૂપ વિશે જાગૃત બને પછી જીવનના રહસ્યને પામી શકે છે. જીવનના હેતુને જાણી શકે છે. આમ આંતર પ્રાર્થના, ધ્યાન, સદ્ગ્રંથોનું વાંચન—મનન—ચિંતન આ બધાં પણ 'સ્વ' ને ઓળખવામાં સહાયરૂપ બને છે.

શ્રી માતાજી કહે છે; "આ પ્રયત્ન માણસ ગમે ત્યારે શરૂ કરી શકે છે. તમે તદ્દન નાનાં હો ત્યારે પણ તમારી જાતનો અભ્યાસ કરવો શરૂ કરી શકો છો. તમારી જાતને જાણવાનું અને તેના ઉપર થોડું થોડું કરીને કાબૂ મેળવાનું કરી શકો છો અને લોકો જેને ઘડપણ કહે છે, તેવી સ્થિતિએ તમે પહોંચ્યા હો, તમને ઘણા વરસો થઈ ગયાં હોય ત્યારે પણ તમે તમારી જાતને વધુ જાણવા માટે પ્રયત્ન કરો અને તમારી જાત ઉપર વધુ ને વધુ કાબૂ મેળવવા પ્રયત્ન કરો તો એમાં કદી પણ વધુ પડતું મોડું થઈ જતું નથી."



ભલે યુવાની બાહ્ય ભૌતિક વિકાસમાં વીતી ગઈ હોય, પણ ઉત્તરાવસ્થામાં અંતરમાં રહેલા ભગવાન સાથેનો નાતો પાછો મેળવી જ લેવો જોઈએ. વેદકાળના ઋષિઓએ એટલે જ નિવૃત્તિના કાળને વાનપ્રસ્થકાળ ગણાવી આ આશ્રમનું મુખ્ય ધ્યેય પરમાત્માની ઓળખ કરવા માટેનું ગણાવ્યું છે. પોતાની જાતને ઓળખવાનું ગણાવ્યું છે. આ ગાળામાં જો આ કાર્ય સિદ્ધ થઈ જાય તો સમગ્ર મનુષ્યજન્મ સફળ થઈ જાય છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, "જીવનમાં પ્રયત્ન કરવા જેવી એક માત્ર વસ્તુ આ જ છે. હું મારા અંગત અનુભવથી કહું છું કે પોતાની અંદર ભાગવત સંકલ્પની સતત અભિવ્યક્તિ કરનાર વ્યક્તિ બનવું એ જ પ્રયત્ન કરવા જેવી વસ્તુ છે. આખી દુનિયામાં એનાથી રસપ્રદ બીજી કોઈ બાબત જ નથી. જો તમે આ પ્રયત્ન કરવો શરૂ કરશો તો તમને જણાશે કે તમારું જીવન રસથી ભરેલું છે. સામાન્ય માણસની જિંદગીનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ એક પ્રકારના શુષ્ક ઢસરડામાં જ વીતી જાય છે. હું ત્રીજો ભાગ કહું છું પણ કેટલાકની તો બે તૃતીયાંશ જિંદગી શુષ્ક અને કંટાળા ભરેલી વ્યતીત થઈ જાય છે. પણ આ પ્રયત્નથી (સ્વને જાણવનો) બધું જ વરાળ થઈને ઊડી જાય છે. અને પછી દરેક ચીજ, નાનામાં નાની વસ્તુ, નાનામાં નાનો સંપર્ક, ઓછામાં ઓછા શબ્દોથી વાતચીત, કોઈક વસ્તુનું અમસ્તુ અસ્થાને હોવું, બધું જ સજીવન અને રસપૂર્ણ બની રહે છે."

આમ ઉત્તરાવસ્થામાં સાચા સ્વરૂપને—પ્રભુને મેળવીને, શુષ્ક, નિરસ, વેરાન પાનખરને પ્રભુના પ્રેમ પ્રકાશ અને આનંદ પુષ્પોથી સભર એવી સદાય વસંતમાં આપણે પલટાવી શકીએ છીએ.